ॐ

શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય કૃત

# આઠ દૃષ્ટિની સજ્ઝાય

(ભાવાર્થ સહિત)

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
અગાસ

ॐ

શ્રીમદ્ સદ્‌ગુરવે નમોનમઃ

શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય કૃત

# આઠ દૃષ્ટિની સજ્ઝાય

(ભાવાર્થ સહિત)

---

સંયોજક


**શ્રી બ્ર. ગોવર્ધનદાસજી B. A.**



## શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
## અગાસ

પ્રકાશક :
વિનોદરાય મણિલાલ શેઠ
પ્રમુખ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
સ્ટે. અગાસ, વાયા-આણંદ
પો. બોરીયા-૩૮૮ ૧૩૦ (ગુજ.)
(02692) 281778

પંચમાવૃત્તિ—પ્રત ૧૨૦૦

| વીર સંવત્ | ઈસ્વી સન્ | વિક્રમ સંવત્ |
|---|---|---|
| ૨૫૩૨ | ૨૦૦૬ | ૨૦૬૨ |

મુદ્રક —
ભગવતી ઑફસેટ
બારડોલપુરા, અમદાવાદ.

Cost Price Rs. 12/-
Sale Price Rs. 3/-

ટાઈપ સેટિંગ : ડીસ્કેન કોમ્પ્યુ આર્ટ, આણંદ
ફોન : (૦૨૬૯૨) ૨૫૫૨૨૧

પ્રાપ્તિસ્થાન

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
સ્ટે. અગાસ,
વાયા આણંદ
પોસ્ટ બોરીઆ—૩૮૮ ૧૩૦
(ગુજરાત)

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ સંચાલિત
શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ
હાથી બિલ્ડીંગ, 'એ' બ્લોક, બીજે માળે,
ભાંગવાડી, ૪૪૮ કાલબાદેવી રોડ,
મુંબઈ—૪૦૦ ૦૦૨

ॐ

'ષડ્દર્શન સમુચ્ચય' અવલોકવા યોગ્ય છે.

'તત્ત્વાર્થસૂત્ર' વાંચવા યોગ્ય અને ફરી ફરી વિચારવા યોગ્ય છે.

'યોગદૃષ્ટિ-સમુચ્ચય' ગ્રંથ શ્રી હરિભદ્રાચાર્યે સંસ્કૃતમાં રચ્યો છે. શ્રી યશોવિજયજીએ ગુજરાતીમાં એની ઢાળ-બદ્ધ સજ્ઝાય રચી છે. તે કંઠાગ્રે કરી વિચારવા યોગ્ય છે. એ દૃષ્ટિઓ આત્મદશામાપક (થરમૉમિટર) યંત્ર છે.

શાસ્ત્રને જાળ સમજનારા ભૂલ કરે છે. શાસ્ત્ર એટલે શાસ્તા પુરુષનાં વચનો. એ વચન સમજાવા દૃષ્ટિ સમ્યક્ જોઈએ.

સદુપદેષ્ટાની બહુ જરૂર છે. સદુપદેષ્ટાની બહુ જરૂર છે.

મોરબી, ચૈત્ર વદ ૮, ૧૯૫૫ — શ્રીમદ્ રાજચન્દ્ર

• • • • •

'હું જ્ઞાન છું', 'હું બ્રહ્મ છું' એમ પોકાર્યે, જ્ઞાન કે બ્રહ્મ થઈ જવાતું નથી. તે રૂપ થવા સત્શાસ્ત્રાદિ સેવવાં જોઈએ.

મોરબી, ચૈત્ર વદ ૯, ૧૯૫૫ — શ્રીમદ્ રાજચન્દ્ર

"શ્રી હરિભદ્રાચાર્યે 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથ સંસ્કૃતમાં રચ્યો છે. 'યોગબિંદુ' નામે યોગનો બીજો ગ્રંથ પણ તેમણે રચ્યો છે.

હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર' નામે ગ્રંથ રચ્યો છે. શ્રી હરિભદ્રકૃત 'યોગદૃષ્ટિસમુચ્ચય'ની પદ્ધતિએ ગુર્જર ભાષામાં શ્રી યશોવિજયજીએ સ્વાધ્યાયની રચના કરી છે.

શુભેચ્છાથી માંડીને નિર્વાણપર્યંતની ભૂમિકાઓમાં બોધતારતમ્ય તથા ચારિત્ર સ્વભાવનું તારતમ્ય મુમુક્ષુ જીવને વારંવાર શ્રવણ કરવા યોગ્ય, વિચાર કરવા યોગ્ય અને સ્થિતિ કરવા યોગ્ય આશયથી તે ગ્રંથમાં પ્રકાશ્યું છે.

યમથી માંડીને સમાધિપર્યંત અષ્ટાંગયોગ બે પ્રકારે છે; એક પ્રાણાદિ નિરોધરૂપ, બીજો આત્મસ્વભાવ-પરિણામરૂપ.

'યોગદૃષ્ટિસમુચ્ચય'માં આત્મસ્વભાવપરિણામરૂપ યોગનો મુખ્ય વિષય છે. વારંવાર તે વિચારવા યોગ્ય છે."

મુંબઈ, આસો વદ ૧૪, રવિ, ૧૯૫૩

— શ્રીમદ્ રાજચંદ્ર

# પ્રથમાવૃત્તિનું નિવેદન

શ્રી યશોવિજયજીકૃત આ આઠ દૃષ્ટિની સજ્ઝાય મુખપાઠ કરીને તેનો નિત્ય સ્વાધ્યાય કરવાની આજ્ઞા પરમ ઉપકારી પરમ પૂજ્ય પ્રભુશ્રીજીએ આશ્રમનિવાસી મુમુક્ષુઓને કરી છે, ત્યારથી આશ્રમના નિત્યનિયમમાં આ આઠ દૃષ્ટિનો ઉમેરો થયો હોવાથી તેનો ભક્તિપૂર્વક નિત્ય પાઠ કરવામાં આવે છે.

પ૦ ઉ૦ પ૦ પૂ૦ પ્રભુશ્રીજીનાં અંતિમ વર્ષ દરમ્યાન આ આઠ દૃષ્ટિના અર્થ પણ વિચારાયા હતા. તે મુજબ કોઈ કોઈ જિજ્ઞાસુને નિમિત્તે પ્રસંગોપાત્ત અર્થ વિચારણા ચાલે છે. તેવા એક પ્રસંગે નોંધ કરીને તેને આધારે એક મુમુક્ષુ બહેને આ ભાવાર્થ તૈયાર કર્યો છે, તે આઠ દૃષ્ટિના અર્થ સમજવામાં સહાયક હોવાથી છપાવવાનું ઉચિત ધાર્યું છે. આશા છે કે સુજ્ઞ મુમુક્ષુ આ ભાવાર્થને આધારે આઠ દૃષ્ટિની ગાથાઓનું વિશેષ અવગાહન કરી આત્મભાવના દૃઢ કરવાનો અભ્યાસ કરશે.

પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજી પણ આ આઠ દૃષ્ટિના સ્વાધ્યાયની ભલામણ કરતા. અને તે વિષે પોતે છઠ્ઠી દૃષ્ટિની છઠ્ઠી ગાથા પર ત્રણ પત્રોમાં અર્થવિસ્તાર કરેલ છે તે વિશેષ વિચાર માટે નમૂનારૂપ તેમજ ઉપકારક હોવાથી આ સાથે અવતરણરૂપે પ્રથમ જ મૂકવામાં આવેલ છે.

આ પુસ્તકના પ્રકાશનમાં સદ્ગત શેઠ શ્રી પુનસીભાઈના સ્મરણાર્થે પવિત્ર બહેન પાનબહેન તથા પવિત્ર બહેન રતન-

બહેને રૂ. ૭૫૦/- ની ભેટ આશ્રમના જ્ઞાનખાતામાં આપીને તેમનો જ્ઞાનપ્રભાવના પ્રત્યેનો પ્રેમ પ્રદર્શિત કર્યો છે.

તેમજ સદ્‌ગત શેઠ શ્રી જેસીંગભાઈ ઉજમસીભાઈના ઉપકારની સ્મૃતિ અર્થે સ્મરણાંજલિરૂપે શ્રી દેવસીભાઈ રણછોડભાઈએ પણ આ પ્રકાશનમાં રૂ. ૧૨૫/- ની ભેટ શ્રી આશ્રમના જ્ઞાનખાતામાં આપી છે.

સુજ્ઞ વાંચકોને આમાં કંઈ સૂચવવા યોગ્ય જણાય તો સંયોજકને જણાવવા વિનંતિ છે, જેથી બીજી આવૃત્તિમાં યોગ્ય સુધારો થઈ શકશે.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
અગાસ
તા. ૧૫-૬-૧૯૪૭

અધ્યાત્મપ્રેમી,
બ્ર૦ ગોવર્ધનદાસ

## (૩૯૪)

**મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજાં કામ કરંત;**
**તેમ શ્રુત ધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત.ધન૦**

ઘર સંબંધી બીજાં સમસ્ત કાર્ય કરતાં થકાં પણ જેમ પતિવ્રતા (મહિલા શબ્દનો અર્થ) સ્ત્રીનું મન પોતાના પ્રિય એવા ભરતારને વિષે લીન છે, તેમ સમ્યક્દૃષ્ટિ એવા જીવનું ચિત્ત સંસારમાં રહી સમસ્ત કાર્ય પ્રસંગે વર્તવું પડતાં છતાં, જ્ઞાની સંબંધી શ્રવણ કર્યો છે એવો જે ઉપદેશધર્મ તેને વિષે લીનપણે વર્તે છે.

સમસ્ત સંસારને વિષે સ્ત્રી-પુરુષના સ્નેહને પ્રધાન ગણવામાં આવ્યો છે, તેમાં પણ પુરુષ પ્રત્યેનો સ્ત્રીનો પ્રેમ એ કોઈ પ્રકારે પણ તેથી વિશેષ પ્રધાન ગણવામાં આવ્યો છે, અને એમાં પણ પતિવ્રતા એવી સ્ત્રીનો પતિ પ્રત્યેનો સ્નેહ તે પ્રધાનને વિષે પણ પ્રધાન એવો ગણવામાં આવ્યો છે. તે સ્નેહ એવો પ્રધાનપ્રધાન શા માટે ગણવામાં આવ્યો છે? ત્યારે જેણે સિદ્ધાંત બળવાનપણે દર્શાવવા તે દૃષ્ટાંતને ગ્રહણ કર્યું છે, એવો સિદ્ધાંતકાર કહે છે કે તે સ્નેહને એટલા માટે અમે પ્રધાનને વિષે પણ પ્રધાન ગણ્યો છે કે બીજાં બધાં ઘરસંબંધી (અને બીજાં પણ) કામ કરતાં છતાં તે પતિવ્રતા એવી મહિલાનું ચિત્ત પતિને વિષે જ લીનપણે, પ્રેમપણે, સ્મરણપણે, ધ્યાનપણે, ઇચ્છાપણે વર્તે છે, એટલા માટે.

---

* શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત અંક

પણ સિધ્ધાંતકાર કહે છે કે એ સ્નેહનું કારણ તો સંસાર-પ્રત્યયી છે, અને અત્ર તો તે અસંસારપ્રત્યયી કરવાને અર્થે કહેવું છે; માટે તે સ્નેહ લીનપણે, પ્રેમપણે, સ્મરણપણે, ધ્યાનપણે, ઇચ્છાપણે જ્યાં કરવા યોગ્ય છે, જ્યાં તે સ્નેહ અસંસાર પરિણામને પામે છે, તે કહીએ છીએ.

તે સ્નેહ તો પતિવ્રતારૂપ એવા મુમુક્ષુએ જ્ઞાની સંબંધી શ્રવણરૂપ જે ઉપદેશાદિ ધર્મ તેની પ્રત્યે તે જ પ્રકારે કરવા યોગ્ય છે; અને તે પ્રત્યે તે પ્રકારે જે જીવ વર્તે છે, ત્યારે 'કાંતા' એવા નામની સમકિત સંબંધી જે દૃષ્ટિ તેને વિષે તે જીવ સ્થિત છે, એમ જાણીએ છીએ.

એવા અર્થને વિષે પૂરિત એવાં એ બે પદ છે; તે પદ તો ભક્તિપ્રધાન છે, તથાપિ તે પ્રકારે ગૂઢ આશયે જીવનું નિદિધ્યાસન ન થાય તો ક્વચિત્ બીજું એવું પદ તે જ્ઞાનપ્રધાન જેવું ભાસે છે, અને તમને ભાસશે એમ જાણી તે બીજા પદનો તેવા પ્રકારનો ભાસ બાધ થવાને અર્થે ફરી પત્રની પૂર્ણતાએ માત્ર પ્રથમનું એક જ પદ લખી પ્રધાનપણે ભક્તિને જણાવી છે.

ભક્તિપ્રધાન દશાએ વર્તવાથી જીવના સ્વચ્છંદાદિ દોષ સુગમપણે વિલય થાય છે; એવો પ્રધાન આશય જ્ઞાની પુરુષોનો છે.

તે ભક્તિને વિષે નિષ્કામ એવી અલ્પ પણ ભક્તિ જો જીવને ઉત્પન્ન થઈ હોય છે તો તે ઘણા દોષથી નિવૃત્ત કરવાને

યોગ્ય એવી હોય છે. અલ્પ એવું જ્ઞાન, અથવા જ્ઞાનપ્રધાન દશા તે અસુગમ એવા માર્ગ પ્રત્યે, સ્વચ્છંદાદિ દોષ પ્રત્યે, અથવા પદાર્થ સંબંધી ભ્રાંતિ પ્રત્યે પ્રાપ્ત કરે છે, ઘણું કરીને એમ હોય છે; તેમાં પણ આ કાળને વિષે તો ઘણા કાળ સુધી જીવન પર્યંત પણ જીવે ભક્તિપ્રધાન દશા આરાધવા યોગ્ય છે; એવો નિશ્ચય જ્ઞાનીઓએ કર્યો જણાય છે. (અમને એમ લાગે છે, અને એમ જ છે.)

**મન મહિલાનું રે વહાલા ઉપરે બીજાં કામ કરંત.**

---

## (૩૯૫)

ૐ

**'તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત.'**

વિક્ષેપરહિત એવું જેનું વિચારજ્ઞાન થયું છે એવો 'જ્ઞાનાક્ષેપકવંત' આત્મકલ્યાણની ઇચ્છાવાળો પુરુષ હોય તે જ્ઞાની મુખેથી શ્રવણ થયો છે એવો જે આત્મકલ્યાણરૂપ ધર્મ તેને વિષે નિશ્ચળ પરિણામે મનને ધારણ કરે, એ સામાન્ય ભાવ ઉપરનાં પદોનો છે.

તે નિશ્ચળ પરિણામનું સ્વરૂપ ત્યાં કેવું ઘટે છે? તે પ્રથમ જ જણાવ્યું છે, કે પ્રિય એવા પોતાના સ્વામીને વિષે બીજાં ગૃહકામને વિષે પ્રવર્તન છતાં પણ પતિવ્રતા એવી સ્ત્રીનું મન વર્તે છે તે પ્રકારે. જે પદનો વિશેષ અર્થ આગળ લખ્યો છે, તે સ્મરણમાં લાવી સિદ્ધાંતરૂપ એવાં ઉપરનાં પદને વિષે સંધીભૂત

કરવું યોગ્ય છે. કારણ કે 'મન મહિલાનું વહાલા ઉપરે' એ પદ છે તે દૃષ્ટાંતરૂપ છે.

અત્યંત સમર્થ એવો સિદ્ધાંત પ્રતિપાદન કરતાં જીવના પરિણામમાં તે સિદ્ધાંત સ્થિત થવાને અર્થે સમર્થ એવું દૃષ્ટાંત દેવું ઘટે છે, એમ જાણી ગ્રંથકર્તા તે સ્થળે જગતમાં, સંસારમાં પ્રાયે મુખ્ય એવો જે પુરુષ પ્રત્યેનો 'ક્લેશાદિ ભાવ' રહિત એવો કામ્યપ્રેમ સ્ત્રીનો, તે જ પ્રેમ સત્પુરુષથી શ્રવણ થયો હોય જે ધર્મ તેને વિષે પરિણમિત કરવા કહે છે. તે સત્પુરુષ દ્વારા શ્રવણપ્રાપ્ત થયો છે જે ધર્મ તેમાં સર્વ બીજા જે પદાર્થ પ્રત્યે પ્રેમ રહ્યો છે તેથી ઉદાસીન થઈ એક લક્ષપણે, એક ધ્યાનપણે, એક લયપણે, એક સ્મરણપણે, એક શ્રેણીપણે, એક ઉપયોગપણે, એક પરિણામપણે સર્વ વૃત્તિમાં રહેલો જે કામ્યપ્રેમ તે મટાડી, શ્રુતધર્મરૂપ કરવાનો ઉપદેશ કર્યો છે; એ કામ્યપ્રેમથી અનંતગુણ વિશિષ્ટ એવો શ્રુત પ્રત્યે પ્રેમ કરવો ઘટે છે; તથાપિ દૃષ્ટાંત પરિસીમા કરી શક્યું નથી, જેથી દૃષ્ટાંતની પરિસીમા જ્યાં થઈ ત્યાં સુધીનો પ્રેમ કહ્યો છે. સિદ્ધાંત ત્યાં પરિસીમા-પણાને પમાડ્યો નથી.

અનાદિથી જીવને સંસારરૂપ અનંત પરિણતિ પ્રાપ્ત થવાથી અસંસારપણારૂપ કોઈ અંશ પ્રત્યે તેને બોધ નથી. ઘણાં કારણોનો જોગ પ્રાપ્ત થયે તે અંશદૃષ્ટિ પ્રગટવાનો જોગ પ્રાપ્ત થયો તો તે વિષમ એવી સંસારપરિણતિ આડે તેને તે અવકાશ પ્રાપ્ત થતો નથી; જ્યાં સુધી તે અવકાશ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જીવને સ્વપ્રાપ્તિભાન ઘટતું નથી. જ્યાં સુધી તે પ્રાપ્તિ ન થાય

ત્યાં સુધી જીવને કંઈ સુખ કહેવું ઘટતું નથી, દુઃખી કહેવો ઘટે છે, એમ દેખી અત્યંત અનંત કરુણા પ્રાપ્ત થઈ છે જેને, એવા આપ્તપુરુષે દુઃખ મટવાનો માર્ગ જાણ્યો છે, જે તે કહેતા હતા, કહે છે, ભવિષ્યકાળે કહેશે. તે માર્ગ એ કે જીવનું સ્વાભાવિકપણું પ્રગટ્યું છે જેને વિષે, જીવનું સ્વાભાવિક સુખ પ્રગટ્યું છે જેને વિષે, એવો જ્ઞાનીપુરુષ તે જ તે અજ્ઞાનપરિણતિ અને તેથી પ્રાપ્ત થયું જે દુઃખપરિણામ તેથી નિવારી આત્માને સ્વાભાવિકપણે સમજાવી શકવા યોગ્ય છે, કહી શકવાને યોગ્ય છે; અને તે વચન સ્વાભાવિક આત્મા જાણ્યાપૂર્વક હોવાથી તે દુઃખ મટાડી શકવાને બળવાન છે. માટે તે વચન જો કોઈ પણ પ્રકારે જીવને શ્રવણ થાય, તે અપૂર્વભાવરૂપ જાણી તેમાં પરમ પ્રેમ વર્તે, તો તત્કાળ અથવા અમુક અનુક્રમે આત્માનું સ્વાભાવિકપણું પ્રગટ થાય.

---

## (૩૯૬)

* * * * * *

"મન મહિલાનું વહાલા ઉપરે, બીજાં કામ કરંત," એ પદના વિસ્તારવાળા અર્થને આત્મપરિણામરૂપ કરી, તે પ્રેમ-ભક્તિ સત્પુરુષને વિષે અત્યંતપણે કરવી યોગ્ય છે, એમ સર્વ તીર્થંકરોએ કહ્યું છે, વર્તમાને કહે છે અને ભવિષ્યે પણ એમ જ કહેવાના છે.

તે પુરુષથી પ્રાપ્ત થયેલી એવી તેની આત્મપદ્ધતિસૂચક

ભાષા તેમાં અક્ષેપક થયું છે વિચારજ્ઞાન જેનું એવો પુરુષ, તે આત્મકલ્યાણનો અર્થ તે પુરુષ જાણી, તે શ્રુત (શ્રવણ) ધર્મમાં મન (આત્મા) ધારણ (તે રૂપે પરિણામ) કરે છે. તે પરિણામ કેવું કરવા યોગ્ય છે? તે દૃષ્ટાંત 'મન મહિલાનું રે, વહાલા ઉપરે, બીજાં કામ કરંત' આપી સમર્થ કર્યું છે.

ઘટે છે તો એમ કે પુરુષ પ્રત્યે સ્ત્રીનો જે કામ્યપ્રેમ તે સંસારના બીજા ભાવોની અપેક્ષાએ શિરોમણિ છે, તથાપિ તે પ્રેમથી અનંત ગુણવિશિષ્ટ એવો પ્રેમ, સત્પુરુષ પ્રત્યેથી પ્રાપ્ત થયો જે આત્મારૂપ શ્રુતધર્મ તેને વિષે યોગ્ય છે; પરંતુ તે પ્રેમનું સ્વરૂપ જ્યાં અદૃષ્ટાંતપણાને પામે છે, ત્યાં બોધનો અવકાશ નથી, એમ જાણી પરિસીમાભૂત એવું તે શ્રુતધર્મને અર્થે ભરતાર પ્રત્યેના સ્ત્રીના કામ્યપ્રેમનું દૃષ્ટાંત કહ્યું છે. સિદ્ધાંત ત્યાં પરિસીમાને પામતો નથી, આગળ વાણી પછીનાં પરિણામને પામે છે, અને આત્મવ્યક્તિએ જણાય છે, એમ છે.

# આઠ દૃષ્ટિની સજ્ઝાય
## (ભાવાર્થ સહિત)

# વિષય-સૂચી


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રથમ મિત્રા દૃષ્ટિ | ૧ |
| બીજી તારા દૃષ્ટિ | ૧૪ |
| ત્રીજી બલા દૃષ્ટિ | ૧૯ |
| ચોથી દીપ્રા દૃષ્ટિ | ૨૩ |
| પાંચમી સ્થિરા દૃષ્ટિ | ૪૧ |
| છઠ્ઠી કાંતા દૃષ્ટિ | ૪૬ |
| સાતમી પ્રભા દૃષ્ટિ | ૫૫ |
| આઠમી પરા દૃષ્ટિ | ૬૧ |

ૐ

### શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય કૃત

# આઠ દૃષ્ટિની સજ્ઝાય

## (ભાવાર્થ સહિત)

ક્ષીરમાંથી નવનીતની સમાન, અનેક યોગશાસ્ત્રોમાંથી ઉદ્ધારીને, સર્વ યોગશાસ્ત્રોના સારરૂપ, આઠ દૃષ્ટિના ભેદથી, પ્રધાન યોગરૂપ, "યોગદૃષ્ટિ સમુચ્ચય" ગ્રંથ, શ્રી હરિભદ્રાચાર્યે સંસ્કૃતમાં રચ્યો છે. તેના આધારે શ્રી યશોવિજયજીએ ગુજરાતીમાં આ આઠ દૃષ્ટિની સજ્ઝાય લખી છે.

આ આઠ દૃષ્ટિ આત્માની દશામાપક થર્મોમિટર યંત્ર સમાન છે. તે મુખપાઠે કરી તેના અર્થ વિચારવા યોગ્ય છે, એમ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે.

પોતાને સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની કે વિરતિ આદિ ગુણસ્થાનકે માનતા મુમુક્ષુજનોને આ દૃષ્ટિ લક્ષપૂર્વક અવગાહવા યોગ્ય છે. પ્રથમની ચાર દૃષ્ટિ કે જેમાં સમકિત (આત્મજ્ઞાન) ની યોગ્યતા પ્રાપ્ત થાય છે, તેમાં કહેલા ગુણો પણ પોતાનામાં પ્રગટ્યા છે કે કેમ? તે તપાસતાં, પોતાની મિથ્યા માન્યતાનો મદ ગળી જઈ, સાચા ગુણ પ્રાપ્ત કરવા વિશેષ પુરુષાર્થ જાગે તેમ છે. મુમુક્ષુજનોને સાચી યોગ્યતા પ્રગટાવી સમ્યક્દર્શન આદિ આત્મિક ગુણોથી વિભૂષિત બનાવી, ઉત્તરોત્તર ચઢતી દશા સન્મુખ કરી, પ્રાંતે પોતાને અનંત સુખમય સંપૂર્ણ સમાધિજન્ય શુદ્ધ સહજ આત્મસ્વરૂપ, પરમાત્મસ્વરૂપના અનંત અતીંદ્રિય

આનંદમંદિરમાં, શાશ્વત શાંતિના ધામમાં, અત્યંત વિરાજમાન કરવા, અદ્‌ભુત પ્રેરણા મળે, સતત પુરુષાર્થ જાગે, તે માટે આ દૃષ્ટિનું અવગાહન અત્યંત ઉપકારી થાય તેમ છે.

શરૂઆતની પાંચ ગાથા પ્રસ્તાવનારૂપે છે, તેમાં પ્રથમ મંગલાચરણમાં ગ્રન્થ હેતુ, ગ્રન્થનો વિષય, ઇષ્ટદેવની સ્તુતિ આદિ કહે છે :—

### ઢાળ પહેલી

## પ્રથમ મિત્રા દૃષ્ટિ

*(ચતુર સનેહી મોહના—એ દેશી)*

**શિવ સુખ કારણ ઉપદિશી, યોગ તણી અડદિઠ્ઠિ રે,**
**તે ગુણ થુણી જિનવીરનો, કરશું ધર્મની પુઠ્ઠિ રે.**
**વીર જિનેસર દેશના. ૧**

અનાદિ કાળથી આત્માને પોતાના સ્વરૂપની ભ્રાંતિ રહી ગઈ છે. તે સ્વરૂપનો લક્ષ થાય, બાહ્ય પરિણતિ ટળીને અંતર પરિણતિ થાય, તે યોગ. અથવા અંતરાત્મા પરમાત્મા સાથે જોડાય તે યોગ. અથવા **मोक्षेण योजनात् योगः** મોક્ષ સાથે જે જોડે તે યોગ. ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા, દર્શન માત્રથી પણ પાવન કરનાર, કલ્યાણમૂર્તિ એવા જ્ઞાનીપુરુષરૂપ ભાવાચાર્યના દર્શન, સમાગમરૂપ યોગ થવો ત્યાં યોગની શરૂઆત થાય છે. સત્પુરુષના સમાગમ યોગે જીવની મિથ્યા સમજણ અને શ્રદ્ધા ફરે છે ત્યારે તે સત્સન્મુખ થાય છે, અને પરિણામે અસત્પ્રવૃત્તિનો ત્યાગ અને સત્પ્રવૃત્તિરૂપ વેદ્ય-સંવેદ્યપદ કે અખંડ આત્મરમણતારૂપ પરમાત્મપદની પ્રાપ્તિ થાય

છે. અહીં જિજ્ઞાસુને જે સત્શ્રદ્ધાયુક્ત બોધ જાગે છે તે દૃષ્ટિ છે, જે ઉત્તરોત્તર ચઢતા ક્રમથી મુખ્યપણે આઠ ભેદે કહી છે. પહેલી ચાર દૃષ્ટિ યોગ્યતા પ્રાપ્ત થવા માટે છે, તથા પાછળની ચાર દૃષ્ટિમાં સ્વરૂપનો યોગ થયા પછીની દશા જણાવી છે.

આઠે દૃષ્ટિ સંકલનાબદ્ધ છે, જ્ઞાન અને વર્તનમાં ઉન્નતિ કરતાં બોધબળની વૃદ્ધિ, દોષોનો હ્રાસ, ગુણોનો વિકાસ આદિ અનુક્રમે પ્રાપ્ત થાય છે. તે લક્ષમાં લેવા આઠ દૃષ્ટિનાં અનુક્રમે નામ, અંગ વગેરે નીચે આપ્યાં છે.

| દૃષ્ટિનું નામ | બોધને ઉપમા | યોગનાં અંગ | દોષ ત્યાગ | ગુણ પ્રાપ્તિ |
|---|---|---|---|---|
| ૧. મિત્રા | તૃણ અગ્નિ | યમ | ખેદ | અદ્વેષ |
| ૨. તારા | ગોમય અગ્નિ | નિયમ | ઉદ્વેગ | જિજ્ઞાસા |
| ૩. બલા | કાષ્ઠ અગ્નિ | આસન | ક્ષેપ | શુશ્રૂષા |
| ૪. દીપ્રા | દીપ પ્રભા | પ્રાણાયામ | ઉત્થાન | શ્રવણ |
| ૫. સ્થિરા | રત્ન પ્રભા | પ્રત્યાહાર | ભ્રાંતિ | સૂક્ષ્મબોધ |
| ૬. કાંતા | તારાભ્ર પ્રભા | ધારણા | અન્યમુદ્ | મીમાંસા |
| ૭. પ્રભા | અર્ક પ્રભા | ધ્યાન | રોગ | પ્રતિપત્તિ |
| ૮. પરા | શશિ પ્રભા | સમાધિ | આસંગ | પ્રવૃત્તિ |

આ આઠ દૃષ્ટિ મોક્ષને અર્થે ઉપદેશી છે. મોક્ષમાળામાં જેમ મોક્ષપ્રાપ્તિ એ પ્રયોજન છે તેમ આ દૃષ્ટિ વિચારવામાં મોક્ષસાધન એ જ હેતુ નિરંતર લક્ષમાં રાખવા યોગ્ય છે. અને તે જ્ઞાનીની આજ્ઞાએ વર્તતાં સિદ્ધ થાય છે, અન્યથા યમ-નિયમ-સંયમ આદિ સાધન આપ-બુદ્ધિએ અનંતીવાર કરવા છતાં જીવે પરિભ્રમણ જ કર્યા કર્યું છે. કારણ કે મોક્ષનો માર્ગ વિકટ છે, તે

પોતાની મેળે હાથમાં આવતો નથી. તેથી નિરંતર લક્ષમાં રાખવા યોગ્ય છે કે આ યોગસાધન માત્ર મોક્ષાર્થે શ્રી વીર ભગવાનના ઉપદેશને અનુસરીને કરવાનું છે. અન્ય મતોમાં હઠવાદ કે રિદ્ધિ સિદ્ધિ અર્થે યોગસાધન કરાય છે તેમ ન થવા "શિવ સુખ કારણ" એટલે કેવળ નિરુપદ્રવ મોક્ષસુખ પ્રાપ્તિ માટે એ હેતુ પહેલેથી છેલ્લે સુધી લક્ષમાં રાખવા અહીં પ્રથમ શબ્દમાં જ કહ્યો છે. આ કાળના શાસન નાયક છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના ગુણ—પરમ ઉપકાર—ને સ્તવીને ધર્મની પુષ્ટિ-પ્રભાવના કરીશું. અર્થાત્ આ દૃષ્ટિથી પોતાને તેમ જ અન્યને આત્મધર્મની પ્રાપ્તિ—મોક્ષની આરાધના—થશે.

આમાં સર્વ કથન શ્રી વીર પ્રભુની દેશના અનુસાર છે.

**સઘન અઘન દિન રયણીમાં, બાલ વિકલને અનેરા રે;**
**અર્થ જુએ જેમ જુજુઆ, તેમ ઓઘનજરના ફેરા રે.**
**વીર જિનેસર દેશના. ૨**

વાદળાંવાળા કે વાદળાં વગરના દિવસ કે રાત્રિમાં, કોઈ બાળક, વૃદ્ધ, ચિત્તભ્રમવાળા કે વિકારી નેત્રવાળા મનુષ્યો કે પશુ વગેરે એક જ પદાર્થને જેમ જુદા જુદા પ્રકારે દેખે છે, સમજે છે, તેમ જગતના જીવો ધર્મ સંબંધી પોતપોતાની સમજણ, ક્ષયોપશમ, કુલસંસ્કાર તથા મળેલા ઉપદેશ અનુસાર અનેક ભિન્ન ભિન્ન દૃષ્ટિ અથવા મત ધરાવે છે.

**દર્શન જે થયાં જુજુઆં, તે ઓઘ નજરને ફેરે રે;**
**ભેદ થિરાદિક દૃષ્ટિમાં, સમકિત દૃષ્ટિને હેરે રે.**
**વીર જિનેસર દેશના. ૩**

જગતમાં જે અનેક પ્રકારના ધર્મમતો પ્રવર્તે છે તેનું કારણ આ મિથ્યાજ્ઞાન અથવા ઓઘદૃષ્ટિ છે. એ ઓઘદૃષ્ટિને કારણે ધર્મમાં અનેક મતભેદો પડી ગયા છે એ વિષે શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત આંક ૪૦ માં સવિસ્તર જણાવે છે :—

"એ મતપ્રવર્તનમાં મુખ્ય કારણો મને આટલાં સંભવે છે. (૧) પોતાની શિથિલતાને લીધે કેટલાક પુરુષોએ નિર્ગ્રંથદશાની પ્રાધાન્યતા ઘટાડી હોય. (૨) પરસ્પર બે આચાર્યોને વાદવિવાદ. (૩) મોહનીય કર્મનો ઉદય અને તે રૂપે પ્રવર્તન થઈ જવું. (૪) ગ્રહાયા પછી તે વાતનો માર્ગ મળતો હોય તોપણ તે દુર્લભબોધિતાને લીધે ન ગ્રહવો. (૫) મતિની ન્યૂનતા. (૬) જેના પર રાગ તેના છંદમાં પ્રવર્તન કરનારાં ઘણાં મનુષ્યો. (૭) દુઃસમ કાળ અને (૮) શાસ્ત્રજ્ઞાનનું ઘટી જવું."

એ રીતે ઓઘદૃષ્ટિએ જોતાં ધર્મના અનેક પ્રકાર જણાય છે. પરંતુ થિરાદિક ચાર દૃષ્ટિમાં સમ્યક્દર્શન અથવા આત્માનો વાસ્તવિક યોગ હોય છે તેથી તે યોગદૃષ્ટિ છે. તે એક જ પ્રકારની છતાં તેમાં ઉત્તરોત્તર વિકાસ થતો જાય છે તે અપેક્ષાએ મુખ્ય ચાર ભેદ પાડ્યા છે. પહેલી ચાર દૃષ્ટિ પણ તે યોગપ્રાપ્તિ માટે યોગ્યતા મેળવવા પ્રયત્નવાળી હોવાથી કારણમાં કાર્યનો આરોપ કરવારૂપે યોગદૃષ્ટિ કહેવાય છે. આ રીતે યોગદૃષ્ટિ આઠ છે.

અનાદિથી જીવ ઓઘદૃષ્ટિમાં છે. જ્યારે કોઈ જ્ઞાની સત્પુરુષ મળે અને તેમનું વચન ગ્રહણ કરે ત્યારે તેની ઓઘદૃષ્ટિ ફરીને યોગદૃષ્ટિ થાય છે. તે સદ્ગુરુ કેવા હોય તે કહે છે.

**દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે;**
**હિત કરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે.**
**વીર જિનેસર દેશના. ૪**

તે સદ્‌ગુરુ આત્મજ્ઞાની હોય છે. તેઓ અન્ય દર્શન અથવા મતના નય એટલે દૃષ્ટિબિંદુને જેમ છે તેમ સમજે છે અને પોતે કોઈ મતમાં રાગ, દ્વેષ કે આગ્રહ ન કરતાં આત્મસ્વભાવમાં વર્તવારૂપ સત્ય ધર્મને આરાધે છે. તેઓ અન્ય જીવોની ભિન્ન ભિન્ન સમજણને અનુકૂળ આવે એ રીતે મધ્યસ્થતાથી વાસ્તવિક ધર્મનો ઉપદેશ આપે છે, તે વિષે ચારિસંજીવની ન્યાયનું દૃષ્ટાંત છે.

કોઈ એક પુરુષને બે સ્ત્રીઓ હતી. તેમાંની નાની સ્ત્રીએ પતિને પોતાને વશ વર્તાવવા કોઈ યોગિની પાસેથી વશીકરણ ચૂર્ણ માગ્યું. પરંતુ તે યોગિનીએ ભૂલમાં એકને બદલે બીજું ચૂર્ણ આપી દીધું. તે ચૂર્ણ પેલા પુરુષને ખવરાવતાં તેના મંત્રના પ્રભાવથી તે એકાએક મનુષ્ય મટીને બળદ બની ગયો. આ જોઈ તે બન્ને સ્ત્રીઓ બહુ જ દુઃખી થઈ. હવે મોટી સ્ત્રી રાત દિવસ તે બળદની ચાકરી કરવા લાગી. એક દિવસ તે બળદને લઈને એક ઝાડ નીચે ચરાવતી રુદન કરતી હતી ત્યાં ઉપર વિદ્યાધરનું વિમાન આવ્યું. તેમાં બેઠેલી વિદ્યાધરીએ વિદ્યાધરને સ્ત્રીના રુદનનું કારણ પૂછતાં વિદ્યાધરે પ્રજ્ઞપ્તિ વિદ્યાના પ્રભાવથી જાણીને તે કહ્યું. ત્યારે વિદ્યાધરીએ પૂછ્યું કે હે સ્વામીનાથ! હવે આ બળદ ફરીથી મનુષ્ય થાય એવો કોઈ ઉપાય છે? વિદ્યાધરે કહ્યું કે આ જ ઝાડ નીચે સંજીવની

વનસ્પતિ છે તેને ચરે તો તે તરત મનુષ્ય બની જાય. આ વાત પેલી સ્ત્રીએ સાંભળી ત્યાં તો વિમાન દૂર જતું રહ્યું. હવે તે સ્ત્રી ઝાડની હદ સુધી કુંડાળું કરીને તેમાંની સર્વ વનસ્પતિ લાવી લાવીને બળદને ચરાવવા લાગી. એમ કરતાં પેલી સંજીવની વનસ્પતિ અજાણતાં બળદના ખાવામાં આવી કે તરત તે મનુષ્ય બની ગયો!

તેવી રીતે જ્ઞાની ગુરુ અન્ય જીવોની સમજણને અનુકૂળ આવે અને હિત થાય એ રીતે વાસ્તવિક ધર્મનો ઉપદેશ કરે છે. તે વચનો ગ્રહણ કરતાં જ્યારે જીવને સત્ય ધર્મ શું તે સમજાય છે ત્યારે તેની અનાદિ ઓઘદૃષ્ટિ મટીને યોગદૃષ્ટિની શરૂઆત થાય છે.

**દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુગતિ પ્રયાણ ન ભાજે રે;**
**રયણિ શયન જેમ શ્રમ હરે, સુરનર સુખ તેમ છાજે રે.**
**વીર જિનેસર દેશના. ૫**

સ્થિરાદિક ચાર દૃષ્ટિમાં જે જીવ હોય છે તેને મોક્ષમાર્ગનો ભંગ થતો નથી. અર્થાત્ પહેલી ચાર દૃષ્ટિમાં જે દર્શન છે તે પ્રતિપાતી સ્વભાવવાળું છે. તેમાં દર્શનથી ભ્રષ્ટ થતાં જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે. પરંતુ પાંચમી સ્થિરાદૃષ્ટિમાં આવ્યા પછી મોક્ષમાર્ગમાં જ ગમન ચાલુ રહે છે. તે કેવી રીતે? કે જેમ કોઈ નિયત સ્થળે પહોંચવાની તીવ્ર ઇચ્છાથી પ્રયાણ કરતો પથિક રાત્રે આરામ લેવા માર્ગમાં આવતા કોઈ મુસાફરખાનામાં શયન કરે છે, પરંતુ દિવસ થતાં ફરી બમણા વેગથી ગમન ચાલુ કરે છે. તેમ જ્ઞાની મોક્ષપ્રાપ્તિ માટે પુરુષાર્થ કરતાં આયુષ્ય

પૂરું કરે તો ઉત્તમ દેવ અને મનુષ્ય સંબંધી સુખ પામે છે. ત્યાં પણ શુદ્ધ સમ્યક્દર્શન સહિત હોવાથી મોક્ષની ભાવનાને દૃઢ કરે છે. અને ફરી અનુકૂળતા મળતાં સંયમમાર્ગ આરાધીને સંપૂર્ણ કર્મનો ક્ષય કરે છે. માટે પ્રતિદિન સમ્યક્દર્શનની નિર્મળતા કરી પાંચમી દૃષ્ટિ પ્રાપ્ત કરી લેવા માટે આ યોગદૃષ્ટિનું પ્રયોજન છે.

**એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમ દૃષ્ટિ હવે કહીએ રે,**
**જિહાં મિત્રા તિહાં બોધ જે, તે તૃણ અગનિસો લહીએ રે.**
**વીર જિનેસર દેશના. ૬**

ઉપરનું કથન ગ્રંથારંભના પ્રસંગથી પ્રસ્તાવનારૂપે કર્યું. હવે પ્રથમ દૃષ્ટિ કહીએ છીએ. તેનું નામ મિત્રા. મોક્ષમાળામાં કહ્યું છે કે "મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી." સદ્ગુરુ એ જ સાચા મિત્ર છે. સદ્ગુરુનો યોગ થાય ત્યારથી મિત્રાદૃષ્ટિ છે. આ દૃષ્ટિમાં વર્તતા જીવને બોધનું બળ તૃણના અગ્નિ જેવું હોય છે. જેમ ઘાસમાં અગ્નિ નાખવાથી ભડકો થાય, પછી પાછળ કંઈ અગ્નિ રહે નહીં. તેવી બોધની તાત્કાલિક અસર થાય છે તેથી ભાવમાં એકદમ ઊભરો આવે પરંતુ તે લાંબો વખત ટકે નહીં તેવો હોય છે.

**વ્રત પણ યમ ઇહાં સંપજે, ખેદ નહીં શુભ કાજે રે;**
**દ્વેષ નહીં વળી અવરશું, એહ ગુણ અંગ વિરાજે રે.**
**વીર જિનેસર દેશના. ૭**

હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ એ પાંચ પાપો દુઃખ અને દુર્ગતિનાં કારણ છે. તે પાપોથી નિવર્તવારૂપ

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમ કહેવાય છે. આ પાંચ યમો દેશ કાળ વગેરેની મર્યાદાથી મુક્ત સર્વમાન્ય છે, અર્થાત્ સર્વ મનુષ્યો યથાશક્તિ તેને પાળવામાં ધર્મ સમજે છે. આ પ્રથમ દૃષ્ટિમાં તે પાંચ યમ વ્રતરૂપે ગ્રહણ કરાય છે. તે આ દૃષ્ટિનું 'યમ' નામનું અંગ છે.

આ દૃષ્ટિવાળાને ખેદ નામનો દોષ દૂર થાય છે અને અદ્વેષ નામનો ગુણ પ્રગટ થાય છે. તેથી ધર્મના કાર્યમાં ખેદ અથવા થાક લાગતો નથી. આજ્ઞા અનુસાર શુભ ક્રિયા કરવામાં ઉત્સાહ હોય છે. સારા કાર્યમાં પ્રીતિ થાય અને ખોટા માર્ગ પ્રત્યે ઉપેક્ષા હોવાથી કોઈ પ્રત્યે દ્વેષ થતો નથી. એમ આ દૃષ્ટિવાળો જીવ અદ્વેષ ગુણવડે શોભે છે. અનાદિ કાળથી ઓઘદૃષ્ટિમાં વર્તતાં જીવને સંસાર અને સંસારનાં કારણોમાં પ્રીતિ હોય છે ત્યાં સુધી મોક્ષ અને મોક્ષનાં કારણો પ્રત્યે જાણે અજાણે દ્વેષ રહ્યા કરે છે તે યોગની આ પહેલી ભૂમિકામાં દૂર થાય છે. કહ્યું છે કે –

"સંભવ દેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુસેવન ભેદ;
સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ."

– શ્રી આનંદઘનજી

**યોગનાં બીજ ઇહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે;**
**ભાવાચારજ સેવના, ભવ ઉદ્વેગ સુઠામો રે.**
**વીર જિનેસર દેશના. ૮**

આ દૃષ્ટિમાં જીવ યોગનાં બીજ અથવા સમકિત પ્રાપ્ત થવાનાં કારણો પ્રાપ્ત કરતો રહે છે. આ દૃષ્ટિમાં આવ્યા પહેલાં

કંઈ પણ સંસારની ઇચ્છાથી જ ભગવાનને ભજતો હતો, પરંતુ નિષ્કામભાવે શ્રી જિનેશ્વર વીતરાગદેવને વંદન કરવારૂપ શુદ્ધ પ્રણામ થાય તે યોગનું પ્રથમ બીજ છે. ભાવાચાર્ય એવા જ્ઞાની પુરુષની સેવા વૈયાવૃત્ત્ય કરે તથા સંસાર ક્યારે છૂટે એવી અંતરમાં સાચી ભાવનારૂપ ભવઉદ્વેગ અથવા વૈરાગ્ય ધારણ કરે. એ ત્રણ યોગનાં મુખ્ય બીજ છે.

**દ્રવ્ય અભિગ્રહ પાળવા, ઔષધ પ્રમુખને દાને રે;**
**આદર આગમ આસરી, લિખનાદિક બહુમાને રે.**
**વીર જિનેસર દેશના. ૯**

વળી બીજાં પણ યોગનાં બીજ કહે છે. સમકિત, ગ્રંથિભેદ થાય ત્યારે યથાર્થ ભાવની પ્રાપ્તિ થાય, ત્યાં સુધી દ્રવ્યથી સ્થૂળપણે નિયમ પચખાણ આદિ પાળે તે દ્રવ્ય અભિગ્રહ છે; અથવા અમુક અમુક દ્રવ્યોને ત્યાગવારૂપ દ્રવ્ય અભિગ્રહ તે પણ પાળે. સત્પાત્રે ઔષધાદિ દાન આપવારૂપ ત્યાગવૃત્તિને સેવે. આગમ સાંભળે, તેને અનુસરીને વર્તવાનો આદર ભક્તિભાવ જાગે. વળી આગમમાં જે સારું લાગે તે લખે, લખાવે. તેમજ શાસ્ત્રનું બહુમાન-વિનય કરે. લિખનાદિમાં "આદિ" છે તે બીજાં પણ યોગ-બીજને જણાવવા કહે છે —

**લેખન પૂજન આપવું, શ્રુત વાચના ઉદ્ગ્રાહો રે;**
**ભાવ વિસ્તાર સજ્ઝાયથી, ચિંતન ભાવન ચાહો રે.**
**વીર જિનેસર દેશના. ૧૦**

આત્માની જાગૃતિ રહે અને સંસાર ઉપરથી વૈરાગ્ય થાય એવાં શાસ્ત્રો લખાવવાં, તેવાં શાસ્ત્રોનું પુષ્પાદિ વડે પૂજન કરવું,

પોતાની પાસે હોય તે શાસ્ત્ર અન્યને વાંચવા આપવું, આચાર્ય પાસે શાસ્ત્રનું વારંવાર શ્રવણ કરવું, અને વાચના એટલે શીખવાની આજ્ઞા, ઉદ્‌ગ્રાહો એટલે વિધિપૂર્વક–વિનય નમસ્કાર સહિત–ગ્રહણ કરવા ઉદ્યમી થવું, ગુરુ પાસે તેનો ભાવ-અર્થ, તેમજ વિસ્તાર કરે તે સમજવો અને પછી તદનુસાર સ્વાધ્યાય કરવો, તે સંબંધી ચિંતન, ભાવન એટલે મનન તથા અનુપ્રેક્ષામાં તત્પર રહેવું, એ વગેરે પણ યોગનાં બીજ અથવા કારણ છે.

**બીજ કથા ભલી સાંભળી, રોમાંચિત હુવે દેહ રે;**
**એહ અવંચક યોગથી, લહીએ ધરમ સનેહ રે.**
**વીર જિનેસર દેશના. ૧૧**

એ યોગનાં બીજની જે જે સુંદર કથા હોય તે સાંભળીને પણ રોમાંચ થાય. જેમકે ભીલે જ્ઞાનીની આજ્ઞાથી કાગડાનું માંસ ત્યાગ્યું એ રૂપ દ્રવ્ય અભિગ્રહ પાળવાથી શ્રેણિકના ભવમાં તે સમ્યક્‌દર્શન પામ્યો. પૂજા, દાન, તપ, શીલ, વ્રત આદિ યોગનાં બીજ વિષે કથા સાંભળે ત્યારે, પોતે યોગનાં બીજ ગ્રહણ કરતો હોવાથી, અત્યંત ઉલ્લાસ આવે અને અવંચકયોગ પ્રાપ્ત થાય. એમ અવંચકયોગ થવાથી પોતાનું અભિમાન મૂકીને કંઈક ગ્રહણ કરવાની ભાવનારૂપ ધર્મસ્નેહ પ્રગટે છે.

જ્યાં સુધી વંચકયોગ હોય ત્યાં સુધી સદ્‌ગુરુ સમીપે પણ પોતાની મહત્તાનો જ વિચાર આવે અને અન્ય પ્રત્યે તુચ્છ ભાવ રહે. મન-વચન-કાયાની પ્રવૃત્તિ જગતને રૂડું દેખાડવા અહંભાવ સહિત કરે. તેથી ધર્મસાધન કરતાં પણ સંસારની વૃદ્ધિ થાય.

આ સર્વ *વંચકયોગ છે. પરંતુ અવંચકયોગ પ્રાપ્ત થતાં ધર્મસ્નેહ પ્રગટે છે. એ રીતે ધર્મસ્નેહ—ધર્મપ્રાપ્તિની ઇચ્છા જાગૃત થતાં જ્ઞાનીનો વિનય કરે, તે કહે છે.

**સદ્ગુરુ યોગે વંદન ક્રિયા, તેહથી ફળ હોય જેહો રે;**
**યોગ ક્રિયા ફળ ભેદથી, ત્રિવિધ અવંચક એહો રે.**
**વીર જિનેસર દેશના. ૧૨**

સદ્ગુરુનો યોગ થાય પછી તેની આજ્ઞામાં મનોયોગ પ્રવર્તાવે તે યોગાવંચક છે, જ્ઞાનીની આજ્ઞાએ વચન અને કાયા પ્રવર્તાવે, વંદના આદિ ક્રિયા વિનયપૂર્વક કરે તે ક્રિયા અવંચક છે. અને સદ્ગુરુ સાચા હોવાથી જે પુણ્યરૂપ ફળ બંધાય તે પણ મોક્ષમાર્ગને અવિરોધક એવું હોય તે ફલાવંચક છે. એમ યોગ, ક્રિયા ને ફળ એ ત્રિવિધ અવંચક યોગ થાય ત્યારે પ્રથમ દૃષ્ટિમાં જીવ આવ્યો લેખાય.

**ચાહે ચકોર તે ચંદ્રને, મધુકર માલતી ભોગી રે;**
**તેમ ભવિ સહજ ગુણે હોયે, ઉત્તમ નિમિત્ત સંયોગી રે.**
**વીર જિનેસર દેશના. ૧૩**

અહીં અવંચકયોગનું દૃષ્ટાંત આપે છે કે જેમ ચકોર પક્ષી ચંદ્રને ઇચ્છે છે, મધુકર એટલે ભમરો માલતીના પુષ્પમાં આસક્ત થાય છે તેમ સદ્ગુરુયોગે વંદન ક્રિયા આદિ ઉત્તમ નિમિત્તને આ દૃષ્ટિમાં વર્તતો ભવ્ય જીવ સ્વાભાવિક રીતે ચાહે છે. ભાવપૂર્વક તન્મયપણે વંદનાદિ કરે છે. અવંચકયોગથી ભાવમલ દૂર થાય છે.

---

* વંચકયોગ વિષે જુઓ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત આંક ૫૨૬

**એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમાવર્તે રે;**
**સાધુને સિદ્ધદશા સમું, બીજનું ચિત્ત પ્રવર્તે રે.**
**વીર જિનેસર દેશના. ૧૪**

આ અવંચકયોગ છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાં વર્તતા એવા અલ્પસંસારી જીવને જ પ્રગટે છે. જેમ સાધુને સિદ્ધદશાનું નિરંતર લક્ષ રહે છે, બે ઘડી થાય ને અપ્રમત્ત થઈ જ જાય, અર્થાત્ સાધુ જેમ મોક્ષનો લક્ષ ક્યારેય ચૂકતા નથી, તેમ આ દૃષ્ટિમાં રહેલ જીવ યોગના કાર્યનું વિસ્મરણ ન થવા દે. ઉપર કહ્યાં તેવાં યોગનાં બીજ આરાધવામાં નિરંતર વૃત્તિ રાખે, બીજાં કાર્યમાં વધારે વાર ખોટી ન થાય.

**કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે;**
**મુખ્યપણે તે ઇહાં હોયે, સુયશ વિલાસનું ટાણું રે.**
**વીર જિનેસર દેશના. ૧૫**

ક્ષયોપશમ, વિશુદ્ધિ, દેશના, પ્રાયોગ્ય અને કરણ એ પાંચ લબ્ધિ પૂર્ણ કરે ત્યારે જીવને સમકિત થાય છે. તેમાં પાંચમી કરણલબ્ધિના પ્રથમ યથાપ્રવૃત્તિકરણ સુધી આ દૃષ્ટિવાળો જીવ આવી શકે છે. અનાદિથી અહંભાવ મમત્વભાવને કારણે તેને રાગ દ્વેષ મિથ્યાત્વની ગ્રંથિ છેદે એવો ભાવ પૂર્વે કોઈ વાર આવ્યો નથી, તે અપૂર્વ ભાવ અથવા અપૂર્વકરણ માટે જે ઉત્સાહ જોઈએ તે આ દૃષ્ટિમાં હોય છે. તેથી આ દૃષ્ટિના ગુણવાળાને અપૂર્વકરણની નજીકનું એવું પહેલું ગુણસ્થાન કહ્યું છે. શ્રી યશોવિજયજી કહે છે કે સારો યશ ફેલાય એવો અવસર આ પ્રથમ દૃષ્ટિવાળાને પ્રાપ્ત થાય છે.

## ઢાળ બીજી

# બીજી તારા દૃષ્ટિ

(મનમોહન મેરે-એ દેશી)

**દર્શન તારા દૃષ્ટિમાં, મનમોહન મેરે;**
**ગોમય અગ્નિ સમાન; મ૦**
**શૌચ સંતોષ અને તપ ભલું, મ૦**
**સજ્ઝાય ઈશ્વર ધ્યાન. મ૦ ૧**

પ્રથમ મિત્રા દૃષ્ટિમાં સત્પુરુષનો યોગ થાય, બોધ મળે; પછી પ્રેમ જાગે અને બોધની વૃદ્ધિ થાય એ રૂપ આ બીજી તારા દૃષ્ટિ છે. તેમાં બોધ ગોમય—છાણાના અગ્નિ જેવો હોય છે.

અર્થાત્ છાણાનો અગ્નિ તૃણ-અગ્નિ કરતાં ગરમીમાં વધારે હોય છે અને એકદમ ઓલવાઈ ન જતાં આગળ આગળ વધે છે તેમ બીજી દૃષ્ટિમાં બોધનું બળ વધે છે અને પહેલી દૃષ્ટિ કરતાં કંઈક વધારે વાર ટકે પણ છે.

આ દૃષ્ટિમાં નિયમ નામનું અંગ પ્રગટે છે. સદ્‌વર્તનમાં પ્રવર્તવારૂપ નિયમો મુખ્યપણે પાંચ છે. તે બાહ્ય ને અભ્યંતર એમ બે ભેદે સમજવા યોગ્ય છે.

**૧. શૌચ** :— શરીરાદિની પવિત્રતા જાળવે, ક્યાંય અશાતના ન થવા દે એ આદિ બાહ્ય શૌચ અને મનમાં રાગદ્વેષ ન થવા દે તે અભ્યંતર શૌચ.

૨. **સંતોષ** :– લાભહાનિથી હર્ષશોક ન કરે એ આદિ બાહ્ય સંતોષ અને સુખદુ:ખમાં સમતા રાખે તે અભ્યંતર સંતોષ.

૩. **તપ** :– દેહ-દમનથી ઇંદ્રિયનિગ્રહ કરે તે બાહ્ય તપ અને ઇચ્છા-નિરોધથી મન વશ કરે તે અભ્યંતર તપ.

૪. **સ્વાધ્યાય** :– સત્‌શાસ્ત્રનો અભ્યાસ કરે તે બાહ્ય સ્વાધ્યાય અને અંતરમાં બોધ નિરંતર વિચારે તે અભ્યંતર સ્વાધ્યાય.

૫. **ઈશ્વરધ્યાન** :– દરેક ક્રિયા કરતાં પ્રથમ ઇષ્ટદેવને સંભારે તે બાહ્ય અને કેવળ અર્પણતા કરીને સ્થિરતા કરે તે અભ્યંતર.

**નિયમ પંચ ઇહાં સંપજે, મ૦**
**નહીં કિરિયા ઉદ્વેગ; મ૦**
**જિજ્ઞાસા ગુણતત્ત્વની, મ૦**
**પણ નહીં નિજ હઠ ટેગ. મ૦ ૨**

એમ સત્‌માં પ્રવૃત્તિ કરવારૂપ નિયમ મુખ્યપણે પાંચ છે. વિભાવથી નિવર્તીને સ્વભાવમાં આવવા માટે મૌનાદિ બીજા પણ ઉપાય કરે તે બધા એ પાંચમાં સમાય છે. એ નિયમ નામનું અંગ આ દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે.

થાકીને કાર્ય છોડી ન દે છતાં તેમાં ઉદ્વેગ એટલે અભાવ થાય એ રૂપ દોષ આ દૃષ્ટિમાં દૂર થાય તેથી શુભ ક્રિયામાં ઉદ્વેગ થતો નથી. પ્રથમ માત્ર સદ્‌ગુરુ આધારે વર્તતો હતો પરંતુ

હવે પોતાને તત્ત્વ સમજવાની જિજ્ઞાસા થાય તેથી સમજવા માટે પુરુષાર્થ કરે. તત્ત્વ શું હશે? તે જાણવાની તીવ્ર ઇચ્છા એ રૂપ જિજ્ઞાસા નામનો ગુણ આ દૃષ્ટિવાળાને હોય. તે જિજ્ઞાસુની વ્યાખ્યા આત્મસિદ્ધિમાં આપી છે –

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;<br>
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ.૧૦૮

આત્માની દયા જાગે કે અહો! મેં અનાદિકાળથી બહુ બહુ પરિભ્રમણ કર્યું! હવે તત્ત્વ ક્યારે સમજાશે? કે જેથી સર્વ પરિભ્રમણનો અંત આવે! એવી જિજ્ઞાસા જાગતાં સદ્ગુરુ પાસેથી જાણવાની ઇચ્છા કરે. સદ્ગુરુ મળ્યા પહેલાં જે જે ગ્રહ્યું હોય તેનો આગ્રહ ન કરે. મારું જાણેલું સાચું એમ કરીને તેને જ ન પોષે. અનાદિ કાળથી સ્વચ્છંદ પોષાય તે સારું લાગે છે, તેથી હવે અટકે. પોતાની હઠ છોડે. મેં વાંચ્યું છે, હું સમજું છું, એમ નિર્ણય કરી રાખ્યા હોય તે ન છોડે તો સદ્ગુરુનો બોધ લાગે નહીં. આ ભૂમિકામાં પોતાના ઉપરનો વિશ્વાસ મૂકીને સદ્ગુરુ ઉપર વિશ્વાસ આવે. તે કહે તે કરવા તત્પર થાય. તેમાં વિકલ્પ ન કરે.

**એહ દૃષ્ટિ હોય વરતતાં, મ૦**<br>
**યોગ કથા બહુ પ્રેમ; મ૦**<br>
**અનુચિત તેહ ન આચરે, મ૦**<br>
**વાળ્યો વળે જેમ હેમ. મ૦ ૩**

આ દૃષ્ટિમાં વર્તતા મુમુક્ષુને યોગકથા–સમ્યક્દર્શનની પ્રાપ્તિ

અને તે પછી મહાપુરુષોએ કરેલા પુરુષાર્થની કથા—સાંભળવી અત્યંત પ્રિય હોય છે. ભવભીરુ હોવાથી અનુચિત આચરણ, પાપમાં પ્રવૃત્તિ કોઈ પ્રકારે કરતો નથી. છૂટવાનો કામી હોવાથી સદ્ગુરુ જેમ કહે તેમ કરવા તત્પર હોય. પહેલાં આમ કહેતા હતા, હવે આમ કેમ કહે છે એવી શંકા ન કરે, પરંતુ સુવર્ણની સમાન જેમ વાળે તેમ વળે. અર્થાત્ મારા આત્માના હિત માટે કહે છે એવો વિશ્વાસ હોય તેથી જેમ કહે તેમ કરે.

**વિનય અધિક ગુણીનો કરે, મ૦**
**દેખે નિજ ગુણ હાણ; મ૦**
**ત્રાસ ધરે ભવભય થકી, મ૦**
**ભવ માને દુઃખખાણ. મ૦ ૪**

પોતાના કરતાં અધિક ગુણવાનનો વિનય કરે. પોતામાં ગુણ છતાં ગુણ ન માને. પોતામાં ઊણપ લાગે, તેથી જે બાકી હોય તે પૂરું કરું એમ રહે. પોતાનાં વખાણ ન કરે. વીસ દોહામાં કહ્યું છે તેમ પોતાના દોષ જુએ.

આ દૃષ્ટિવાળાને અશુભમાં પ્રવૃત્તિ ન હોવાથી ભવનો અત્યંત ભય થવાનું કારણ નથી છતાં સંસારનાં સુખ પણ તેને દુઃખરૂપ લાગે છે. તેથી સંસારને સર્વથા દુઃખની ખાણ માને. ભવના ભયથી ત્રાસ પામે. ફરી તેમાં જવા જેવું નથી એમ લાગે. ભવનો અંત આવશે એમ લાગે છે, તેથી ગભરામણ થતી નથી પણ તે વધારવા જેવો નથી, અથવા વધી ન જાય તે માટે જાગૃત રહેવાં યોગ્ય છે, એમ નક્કી લાગે છે.

શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, મ૦
શિષ્ટ કહે તે પ્રમાણ; મ૦
સુયશ લહે એ ભાવથી, મ૦
ન કરે જૂઠ ડફાણ. મ૦ ૫

શાસ્ત્રો ઘણાં છે, તેનો પાર નથી. તે બધા સમજવા જેટલી બુદ્ધિ પણ મારામાં નથી. વળી આ કાળમાં આયુષ્ય ઓછાં તેથી આપ્તપુરુષ જ્ઞાની કહે તે માન્ય કરવું. જ્ઞાની જાણે છે એવો ભાવ થયો તો એમણે કહ્યું તે માન્ય કરવું. જ્ઞાનીનું વચન તે જ શાસ્ત્ર છે ને તે જ મને તારવાને સમર્થ છે, અનાદિકાળથી શાસ્ત્રાભ્યાસ વગેરે તો ઘણું કર્યું પરંતુ આ નથી કર્યું, એમ જ્ઞાની પર શ્રદ્ધા વધતી જાય છે. આપ્તપુરુષ કહે તે માન્ય કરવા યોગ્ય છે એ ભાવ પ્રાપ્ત થવાથી સ્વચ્છંદે સમજવા સમજાવવાનો ડોળ ન કરે. તેમજ જે ગુણ પોતાને પ્રગટ્યો નથી તે હોવાનો જૂઠો અસત્ય આડંબર કરે નહીં, આત્માર્થ સિવાયની બીજી નકામી વાતચીતોમાં વધારે ખોટી ન થાય. છાણાનો અગ્નિ ગુપ્ત રીતે લાગ્યા કરે તેમ આત્મહિતનું કાર્ય ગુપચૂપ કર્યા કરે. શ્રી યશોવિજયજી કહે છે કે એમ આ દૃષ્ટિમાં વર્તતો જીવ લોકમાં સુયશને પામે.

## ઢાળ ત્રીજી

# ત્રીજી બલા દૃષ્ટિ

(પ્રથમ ગોવાલણ તણે ભવે જીરે—એ દેશી)

**ત્રીજી દૃષ્ટિ બલા કહીજી, કાષ્ઠ અગ્નિ સમ બોધ;**
**ક્ષેપ નહીં આસન સધેજી, શ્રવણ સમીહા શોધ રે.**
**જિનજી, ધન ધન તુજ ઉપદેશ. ૧**

આગળ જોઈ ગયા તેમ સત્‌શ્રદ્ધાના સંગથી જે બોધ થાય તે દૃષ્ટિ છે. દરેક દૃષ્ટિનું નામ સાર્થક છે. બલાદૃષ્ટિમાં સમજણ દૃઢ થતી જાય છે. કંઈક સાંભળે પછી અસર ન રહે એમ થતું હતું તેને બદલે બોધની અસર ઘણા કાળ સુધી રહે છે. બોધનું બળ કાષ્ઠ-અગ્નિસમ હોય છે એટલે લાકડાં બળી રહે છતાં પાછળ અગ્નિ રહે તે કામમાં આવે છે તેમ ઉપદેશનું નિમિત્ત ન હોય તોપણ સાંભળેલું યાદ આવે અને બોધનું બળ, માન્યતા દૃઢ થતી જાય. સત્સંગમાં ન હોય, અન્ય કાર્ય કરતા હોય તોપણ મુમુક્ષુતા ટકી રહે, સંસારનાં કાર્યો પ્રત્યે વૈરાગ્ય હોય.

આ દૃષ્ટિમાં અસત્ તૃષ્ણા સહેજે ઘટે છે. તેથી આસન સ્થિર થાય છે. મન અને શરીરની ચપળતા ન થાય. ચિત્ત બોધમાં તન્મય થાય તેની અસર શરીર ઉપર પણ થાય છે. શરીર પ્રત્યે વૃત્તિ ન જાય તેથી જે સ્થિતિમાં શરીર હોય તે સ્થિતિમાં સ્થિર રહે. એમ તન-મનની સ્થિરતા થવી તે આસન નામનું અંગ છે. આસનની સ્થિરતા થવાથી ક્ષેપ=ધાર્મિક ક્રિયામાં ત્વરા, ઉતાવળ મટે. એ રીતે ક્ષેપ નામનો દોષ દૂર

થાય છે, તેથી ભક્તિ, સ્વાધ્યાય આદિ કાર્યમાં ધીરજથી સ્થિરતાપૂર્વક પ્રવર્તન કરી શકે છે. આ દૃષ્ટિવાળાને શુશ્રૂષા નામનો ગુણ પ્રગટે છે. બોધ સાંભળ્યો છે તેથી ફરી ક્યારે સાંભળવાનો મળે એમ ઇચ્છા રહે. અને પુરુષાર્થ કરીને તેવું નિમિત્ત શોધે—મેળવે. તે કેવી રીતે તે કહે છે :—

**તરુણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જેમ ચાહે સુરગીત;**
**સાંભળવા તેમ તત્ત્વનેજી, એ દૃષ્ટિ સુવિનીત રે.**
**જિનજી, ધન ધન તુજ ઉપદેશ. ૨**

જેમ કોઈ નીરોગી યુવાન હોય, તરુણી સ્ત્રી સાથે હોય, બધી સુખની સામગ્રી પણ પ્રાપ્ત હોય, છતાં તે બધું મૂકીને કોઈ દેવતાઈ ગીત સંભળાતું હોય તો ત્યાં સાંભળવા જાય છે. એવી આ દૃષ્ટિવાળાને તત્ત્વ સાંભળવાની પ્રબળ ઇચ્છા હોય છે. રાજકુમાર જેવું સુખ હોય તો પણ ચેન ન પડે. ક્યારે બોધ સાંભળું એમ થાય. શુશ્રૂષા ગુણને લઈને વિનય પણ પ્રગટે છે. સાંભળવાની ઇચ્છા હોય તેથી સારી રીતે વિનય કરે.

**સરી એ બોધ પ્રવાહનીજી, એ વિણ શ્રુત થલ કૂપ;**
**શ્રવણ સમીહા તે કિસીજી, શયિત સુણે જેમ ભૂપ રે.**
**જિનજી, ધન ધન તુજ ઉપદેશ. ૩**

શુશ્રૂષા ગુણ કૂવામાં ઊંડેથી આવતી પાણીની સેર જેવો છે. કૂવો ખોદતાં ખોદતાં પાતાળ સેર ફૂટે, પછી પાણી ખૂટે નહીં, તેમ બોધ સાંભળતાં સાંભળતાં તેમાં સુવિચારણારૂપ નવીનતા આવે એવો ગુણ પ્રગટે છે તે શુશ્રૂષા છે. તેથી

બોધની વૃદ્ધિ થતી જાય છે. સેર વિનાનો કૂવો, જેમ પાણી વિનાના ખાલી ખાડા જેવો નકામો હોય છે, તેમ શુશ્રૂષા ગુણ વિના પ્રાપ્ત થયેલા બોધમાં વિચારણારૂપ નવીનતા કે વૃદ્ધિ થતી નથી, અને તે નિરર્થક જાય છે.

શુશ્રૂષા ગુણ એવો છે કે સાંભળવાની ઇચ્છા હોવા છતાં જો સાંભળવાનું ન મળે તો પણ લાભનું કારણ થાય, બહુમાન અને ભાવના વધે. વચન પ્રત્યે રુચિ અને પ્રમાણતા દૃઢ થાય, તેથી વિના સાંભળ્યે પણ કાર્યસિદ્ધિ થાય. તે પર દૃષ્ટાંત :–

જેમ કોઈ માણસ રાજાની પાસે આવીને ફરિયાદ કરી જાય, પરંતુ રાજા સૂતાં સૂતાં સાંભળે અને ઊંઘતો હોય; તેથી તેમાંનું કંઈ સાંભળે નહીં. તોપણ પેલો માણસ રાજાને કહી આવ્યો જાણી લોકોમાં તેનું મહત્વ વધી જાય અને તેનો પ્રતિપક્ષી પણ ડરી જાય, તેથી ઘરમેળે ઝઘડો પતાવી દે. તેમ શ્રવણ સમીહા–સાંભળવાની ઇચ્છા–શુશ્રૂષા કેવી હોય? તો કે બોધ સાંભળવાનો ન મળે તોપણ બોધનું માહાત્મ્ય અને વચન પ્રમાણતા વધે અને ચિત્ત બોધમાં જ રહે તેથી સહેજે કર્મનાં આવરણ ઘટે, બોધ પ્રાપ્તિમાં અંતરાય પણ ટળે અને એ પ્રકારે લાભ થાય.

**મન રીઝે તન ઉલ્લસેજી, રીઝે બુઝે એક તાન;**
**તે ઇચ્છા વિણ ગુણ કથાજી, બહેરા આગળ ગાન રે.**
**જિનજી, ધન ધન તુજ ઉપદેશ. ૪**

પરંતુ શુશ્રૂષા હોય અને સાંભળવાનું મળે તો તો મન રીઝે, તન ઉલ્લસે એવો ઉમંગ આવે. થોડામાં બહુ સમજે અને

એકતાન સ્થિર થઈને સાંભળે. એવી સાંભળવાની ઇચ્છા વિના આત્માના ગુણની ગમે તેવી ઉત્તમ કથા પણ બહેરા આગળ કરેલા ગાનની જેમ નિષ્ફળ જાય છે.

**વિઘન ઇહાં પ્રાયે નહીંજી, ધર્મ હેતુમાં કોય;**
**અનાચાર પરિહારથીજી, સુયશ મહોદય હોય રે.**
**જિનજી, ધન ધન તુજ ઉપદેશ. ૫**

આ ત્રીજી દૃષ્ટિ સુધી જે આવ્યો તેને પછી ધર્મ-આરાધનમાં ઘણું કરીને કોઈ વિઘ્ન નડે નહીં. અને કદાચ નડે તો તેને તે ગણે નહીં. વળી અનાચાર એટલે સાવદ્ય પાપ પ્રવૃત્તિ સર્વથા ત્યાગીને સદાચારમાં પ્રવર્તવાથી તેનો પુણ્ય પ્રભાવ પણ વધ્યો હોય છે. *તેથી કોઈ અપયશ બોલે તો લોક તેનો વિરોધ* કરે કે એ એવો હોય નહીં. શ્રી યશોવિજયજી કહે છે કે એ રીતે આ દૃષ્ટિવંતના મહાભાગ્યનો અભ્યુદય હોય છે.

### ઢાળ ચોથી

## ચોથી દીપ્રા દૃષ્ટિ

(ઝાંઝરીઆ મુનિવર ધન ધન તુમ અવતાર—એ દેશી)

**યોગ દૃષ્ટિ ચોથી કહીજી, દીપ્રા તિહાં ન ઉત્થાન;**
**પ્રાણાયામ તે ભાવથીજી, દીપપ્રભા સમ જ્ઞાન.**
**મનમોહન જિનજી, મીઠી તાહરી વાણ. ૧**

ચોથી દૃષ્ટિ સમકિતની લગભગ પાસે છે. સદ્ગુરુના બોધની પ્રમાણતા થઈ છે, આજ્ઞાંકિત થયો છે, પણ અંતરંગ કારણ પૂર્વનાં બાંધેલાં કર્મ દૂર થયાં નથી. ત્રીજી દૃષ્ટિ કરતાં બોધનું બળ વધ્યું છે તેથી પોતે પોતાને દૃઢ કરે અને બીજાને પણ કહી શકે તેવો થયો છે.

આ દૃષ્ટિનું નામ દીપ્રા છે. બોધનું બળ વધ્યું છે તો પણ દીવાના પ્રકાશમાં જેમ સ્પષ્ટ દેખાય છતાં દોરીમાં સાપની ભ્રાંતિ પણ થાય, તેમ આ દૃષ્ટિમાં બોધ સ્પષ્ટ સમજે છતાં અંતરનું મિથ્યાત્વ ખસ્યું નથી, પુદ્ગલમાં સુખની ભ્રાંતિ છે તે સર્વથા દૂર થતી નથી.

દીપ્રા દૃષ્ટિ આવે ત્યાં ઉત્થાન નામનો દોષ દૂર થાય છે. તેથી મન બીજે જતું નથી. એકાગ્રતા વધતી જાય. અહીં ભાવ પ્રાણાયામ હોય છે. અને બોધ દીવાના પ્રકાશ જેવો હોય છે. દીવો જેમ સ્વપર પ્રકાશક છે, તેમ આ દૃષ્ટિવાળો પોતે સમજે તથા અન્યને પણ સમજાવી શકે એવું બોધનું બળ હોય છે.

હે મનને મોહ પમાડનારા ભગવાન, તમારી વાણી અત્યંત મધુરતાવાળી મીઠી છે.

**બાહ્ય ભાવ રેચક ઇહાંજી, પૂરક અંતર ભાવ;**
**કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ.**
**મન૦ ૨**

દ્રવ્ય પ્રાણાયામમાં શ્વાસ બહાર કાઢવો તે રેચક, શ્વાસ અંદર લેવો તે પૂરક, અને શ્વાસની સ્થિરતા તે કુંભક. કુંભકના વળી ત્રણ ભેદ છે. શ્વાસ મૂકે પછી થોભે તે રેચકકુંભક, શ્વાસ પૂરે પછી થોભે તે પૂરકકુંભક, અને જ્યારે શ્વાસોચ્છ્વાસની ક્રિયા સૂક્ષ્મ થઈ જાય, રેચક પૂરક સહેજે થાય, તે પ્રત્યે ઉપયોગ ન હોય, તેથી માત્ર સ્થિરતા જણાય તે કેવલકુંભક. ભાવ પ્રાણાયામમાં કેવલકુંભકરૂપ દ્રવ્યપ્રાણની સ્થિરતા હોય તો તે કાર્યકારી થાય છે. જો કે અહીં ભાવ પ્રાણની મુખ્યતા છે. પાપની પ્રવૃત્તિ અને વિકલ્પોરૂપ બાહ્ય ભાવ છૂટી જાય તે રેચક, સદ્‌ગુણો ગ્રહણ કરવાનો ભાવ તે પૂરક અને શુભ અશુભ વિકલ્પો બંધ પડીને સ્થિરતા થાય તે કુંભક. એ રીતે વૃત્તિ રોકે છતાં આત્માનો અનુભવ નથી ત્યાં સુધી આ ભાવ પ્રાણાયામ પણ દ્રવ્યરૂપ છે. દ્રવ્યપ્રાણને અને મનને સંબંધ છે. જેમ જેમ શ્વાસોચ્છ્વાસ મંદ થાય તેમ તેમ મન શાંત થાય છે. એ દ્રવ્ય ને ભાવ પ્રાણાયામ આ દૃષ્ટિનું અંગ છે.

**ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહીં ધર્મ;**
**પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ.**
**મન૦ ૩**

આ દૃષ્ટિવાળો ધર્મને પ્રાણ કરતાં પણ અધિક સમજે. ધર્મ એ આત્માનો ભાવ પ્રાણ છે. સદ્ગુરુની આજ્ઞાએ જે ધર્મનું આરાધન કરતો હોય તે ન છોડે. જેમકે ભીલે પ્રાણ છોડ્યા પણ કાગડાનું માંસ ન જ ખાધું. એમ શ્રદ્ધા એવી દૃઢ હોય છે કે જ્ઞાનીની આજ્ઞાના માહાત્મ્ય આગળ પ્રાણ તુચ્છ લાગે. દેહ તો ફરી મળે પરંતુ જ્ઞાનીની આજ્ઞા મળવી બહુ દુર્લભ છે. ધર્મ કરતાં અન્ય કોઈ વસ્તુનું માહાત્મ્ય વધારે માન્યું હોય તો તે છોડવું પડે એવો કસોટીનો પ્રસંગ આ દૃષ્ટિવાળાને આવે છે. પરંતુ ધર્મ માટે પ્રાણ પણ જતા કરે તો પછી અન્ય વસ્તુને તો અવશ્ય છોડી દે. ગમે તેવા ભય કે લાલચને વશ થઈને ધર્મને તજે નહીં; એવું આ દૃષ્ટિનું રહસ્ય છે. એટલી તૈયારી હોય ત્યારે સમકિત થાય છે.

**તત્ત્વ શ્રવણ મધુરોદકેજી, ઇહાં હોયે બીજ પ્રરોહ;**
**ખાર ઉદક સમ ભવ ત્યજેજી, ગુરુભક્તિ અદ્રોહ.**
**મન૦ ૪**

આ દૃષ્ટિમાં શ્રવણ ગુણ પ્રગટે છે. તત્ત્વશ્રવણથી જે યોગનાં બીજ પ્રથમથી ગ્રહણ કર્યાં છે તેને ફણગા ફૂટીને ઊગવા માંડે છે. અર્થાત્ યોગનાં બીજોથી યોગ્યતા આવે છે તેમાં તત્ત્વશ્રવણરૂપ મધુર પાણીનું સિંચન થતાં તેમાંથી શમ સંવેગ આદિ સમકિતનાં લક્ષણો પ્રગટ થાય છે. જ્ઞાનીનો બોધ જે આત્માને સ્પર્શીને નીકળે છે તે તેની મધુરતા છે. તે વાત સમજાય નહીં પરંતુ તે મધુરતા કામ કરે છે, અને ભવ જેનાથી વધે તેવા અતત્ત્વશ્રવણ, કુસંગતિ આદિને ખારા

પાણીની જેમ તજે છે. જેટલો સંસારભાવ છૂટ્યો તેટલો ગુરુ પ્રત્યે ભાવ થાય છે.

ગુરુભક્તિથી આત્મબોધ થાય છે. સમકિત ન હોય તો પણ ગુરુભક્તિ એ અવશ્ય કલ્યાણકારી છે અને તેથી સુખ અનુભવાય છે. પરંતુ સેવા ભક્તિ કરતાં ગર્વ કરે કે હું જાણી ગયો, પોતે બીજાને કહેવા જાય, બોધ દેવા ટોળાં એકત્ર કરે, તેથી પછી ગુરુનો ડર લાગે, અથવા ચિંતવે કે ગુરુ ન હોય તો સારું. ગુરુનો શબ્દફેર થાય તો ભૂલ કાઢે કે તેમને ઉતારી પાડવા પ્રવર્તે એ આદિ અહંકાર કષાય કરે તે દ્રોહ છે. તેથી સમકિત થતું અટકી જાય અને પાપ બાંધે.

આ દૃષ્ટિમાં તો દ્રોહ રહિત સાચી ભક્તિ હોય છે. સદ્-ગુરુની ભક્તિથી સમાપત્તિ આદિ ભેદથી તીર્થંકર ગોત્ર સુધીનું પુણ્ય બાંધે. અર્થાત્ દ્રોહરહિત ગુરુભક્તિ ઉત્તમ ફળને આપનારી છે. માત્ર સમકિત અર્થે વિનય ભક્તિ કરે, આજ્ઞા આરાધે તે અદ્રોહ ભક્તિ છે. એવી અદ્રોહ ભક્તિથી કષાયાદિ ઉપશમ પામી ગ્રંથિભેદ થાય ત્યારે સમ્યક્દર્શન અને સમ્યક્ જ્ઞાન પ્રગટ થાય છે અને પાંચમી દૃષ્ટિમાં જીવ આવે છે.

**સૂક્ષ્મબોધ તોપણ ઇહાંજી, સમકિત વિણ નવિ હોય;**
**વેદ્ય સંવેદ્ય પદે કહ્યોજી, તે ન અવેદ્યે જોય.**
**મન૦ ૫**

પરંતુ આ ચોથી દૃષ્ટિમાં હજુ ગ્રંથિભેદ થયો નથી. તેથી સમકિતના અભાવમાં સૂક્ષ્મબોધ પણ હોય નહીં. સૂક્ષ્મબોધ એટલે વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ અંતરમાં સમજાવું.

સૂક્ષ્મબોધની પ્રાપ્તિ એ જ ભક્તિ કરવાનું પ્રયોજન છે. તે સૂક્ષ્મબોધ વેદ્ય સંવેદ્ય પદમાં હોય છે.

મિથ્યાત્વ દૂર થવાથી, અને ગ્રંથિભેદ થવાથી, સમ્યગ્ દર્શન કે સ્વાત્માનુભવરૂપ સ્વસંવેદન જ્યાં પ્રગટ થાય છે, તે વેદ્ય સંવેદ્ય પદ છે. અર્થાત્ જાણવા, વેદવા, અનુભવવા યોગ્ય જે આત્મસ્વરૂપ તેનું સમ્યગ્ વેદન એટલે જ્ઞાન, અનુભવ જેમાં પ્રગટ છે તે વેદ્ય સંવેદ્ય પદ છે. તે દશા પાંચમી દૃષ્ટિમાં પમાય છે. પહેલી ચાર દૃષ્ટિમાં આત્માનુભવરૂપ સ્વસંવેદન નથી. તેથી તે પદ અવેદ્ય સંવેદ્ય કહેવાય છે. તે મિથ્યાત્વયુક્ત દશામાં, અવેદ્યસંવેદ્ય પદમાં, સૂક્ષ્મબોધ હોતો નથી.

**વેદ્ય બંધ શિવ હેતુ છે જી, સંવેદન તસ નાણ;**
**નયનિક્ષેપે અતિ ભલુંજી, વેદ્ય સંવેદ્ય પ્રમાણ.**
**મન૦ ૬**

વેદ્ય એટલે જાણવા યોગ્ય. તે શું? તો કે બંધ-શિવ-હેતુ. બંધનાં કારણ અને મોક્ષનાં કારણ એ જાણવા યોગ્ય અથવા વેદ્ય છે. અને વેદ્યનું જે જ્ઞાન અથવા જાણવું તે સંવેદન છે. અર્થાત્ જાણવા યોગ્ય વસ્તુ—વેદ્ય સંબંધી જે વિવેકજ્ઞાન તે વેદ્યસંવેદ્ય છે. અને વ્યવહાર સમકિત તથા નિશ્ચય સમકિત જેમ કહેવાય છે તેમ, નયનિક્ષેપથી વસ્તુ સ્વરૂપને વેદ્ય-સંવેદ્યવાળો જાણે છે. અર્થાત્ વસ્તુને નયનિક્ષેપથી યથાર્થ સ્વરૂપે જેમ છે તેમ જાણે છે તેથી પ્રમાણ છે. સૂક્ષ્મબોધ સંસારથી તારનાર અને કર્મને ભેદનાર છે. તે વસ્તુને અનંત ધર્માત્મક જાણે છે તેથી જાણેલું પ્રમાણભૂત છે.

(૬)

**તે પદ ગ્રંથિ વિભેદથીજી, છેહલી પાપ પ્રવૃત્તિ;**
**તમલોહ પદ ધૃતિ સમીજી, તિહાં હોય અંતે નિવૃત્તિ.**
**મન૦ ૭**

એ પદ ક્યારે પ્રાપ્ત થાય? તો કે ગ્રંથિભેદ—સમકિત થાય ત્યારે વેદ્ય સંવેદ્ય પદ પ્રાપ્ત થાય છે. પછી જે પાપપ્રવૃત્તિ કરે છે તે ન છૂટકે કરે છે. કારણ કે બંધનાં કારણ દુઃખદાયી જાણ્યાં છે તેથી કર્મના ઉદયમાં પરવશપણે યુદ્ધાદિ કરે તોપણ તે તડકામાં તપી ગયેલા લોઢા ઉપર ચાલવા સમાન મહાદુઃખદાયી સમજીને કરે છે. અર્થાત્ જેટલી પાપપ્રવૃત્તિ તે સમકિતી કરે છે તે પૂર્વકર્મના ઉદયે થાય છે અને છૂટે છે. તેવું કરવાના ભાવ નથી, તેથી ફરી કરે નહીં. તેથી છેલ્લી પાપપ્રવૃત્તિ કહી છે. તપાવેલા લોઢા ઉપર પગ મૂકીને તરત ઉપાડી લે છે પણ ત્યાં પગ ટકાવવા જેમ ઇચ્છા થતી નથી, તેમ બહારથી પાપની પ્રવૃત્તિમાં પ્રવર્તતો લાગતાં છતાં ચિત્ત ત્યાં ટકતું નથી. સંસારના કાર્યોમાં મન ખૂંચે નહીં; માત્ર હેયબુદ્ધિથી વૈરાગ્યસહિત પ્રવર્તે છે. તેથી તે પાપપ્રવૃત્તિ છેવટની છે અર્થાત્ ફરી તેવાં કર્મબંધનું તે નિમિત્ત થતી ન હોવાથી અંતે નિવૃત્તિ થાય છે.

**એહ થકી વિપરીત છેજી, પદ તે અવેદ્ય સંવેદ્ય;**
**ભવાભિનંદી જીવનેજી, તે હોય વજ્ર અભેદ્ય.**
**મન૦ ૮**

વેદ્ય સંવેદ્ય પદ જ્ઞાની યોગીઓનું છે અને તે છેલ્લી ચાર દૃષ્ટિમાં હોય છે. ચોથી દૃષ્ટિ સમકિતની ઘણી નજીક હોવાથી યોગ્યતાવાળી છે તેમ છતાં હજી તેમાં ઉપર કહ્યું તેથી વિપરીત

એવું અવેદ્યસંવેદ્ય પદ હોય છે. અવેદ્યસંવેદ્યમાં સૂક્ષ્મબોધ ન હોવાથી સત્ય વસ્તુની ઝાંખી થતી નથી. પાણીમાં પક્ષીનો પડછાયો જોઈ તેને સાચું પક્ષી જાણી પકડવા જાય એવી ભ્રાંતિવાળું અવેદ્યપદ છે. તે ભ્રાંતિને કારણે જીવને પોતાના દોષ દેખાતા નથી. સંસારમાં દુઃખ સર્વત્ર દેખાવા છતાં વૈરાગ્ય આવતો નથી અને પાપમાં પ્રવૃત્તિ થાય છે.

સ્ત્રી, વસ્ત્ર, ગંધ, આહારાદિ સંસારનાં સુખો ઝાંઝવાના નીર જેવાં છતાં તેને સાચાં માને છે અને તે મેળવવા આસક્તિ પૂર્વક પ્રવર્તે છે એવા ભવાભિનંદી જીવને આ અવેદ્ય પદ વજ્ર જેવું દુર્ભેદ્ય હોય છે. અનાદિની વાસના હોવાથી તેને છેદવા જતાં જીવ ગળિયા બળદ જેવો થઈ જાય છે. ગ્રંથિભેદ થવાનો વખત આવે ત્યાં દોષમાં લપટાઈ જાય. તેથી ત્યાં સત્પુરુષનો આધાર જરૂરનો છે. તે ભવાભિનંદીનાં લક્ષણ કહે છે —

**લોભી કૃપણ દયામણોજી, માયી મચ્છર ઠાણ;**
**ભવાભિનંદી ભય ભર્યોજી, અફલ આરંભ અયાણ.**

**મન૦ ૯**

લોભી, જે હોય તેથી વધારે મેળવવાની ઇચ્છા રાખે કે લાભથી રાજી થાય; કૃપણ, ઘણું હોય છતાં વાપરી શકે નહીં; દયામણો, મારી પાસે નથી એમ ચિંતા કર્યા કરે, કે અકલ્યાણની કલ્પના કર્યા કરે; માયી, પ્રપંચ કરે; મત્સર, પરના ભલામાં રાજી નહીં, અદેખો. સંસારમાં અત્યંત આસક્તિ હોવાથી, સંસારની વસ્તુઓના ત્યાગથી ભય પામે, એવા ભવાભિનંદીનાં શુભ કાર્યો પણ કીર્તિ કે પુણ્યબંધ અર્થે જ હોય છે, તેથી તેને

આત્મહિત રૂપી ફળ આવતું નથી. વળી તે વસ્તુતત્ત્વને તથા હિતાહિતને નહીં સમજનાર હોવાથી અજ્ઞાન—મૂર્ખ છે.

**એવા અવગુણવંતનુંજી, પદ છે અવેદ્ય કઠોર;**
**સાધુ સંગ આગમતણોજી, તે જીત્યો ધુરંધોર.**
**મન૦ ૧૦**

આવા દોષવાળા ભવાભિનંદી જીવનું જે અવેદ્ય પદ છે તે અત્યંત કઠોર દુર્ભેદ્ય હોય છે. તેને ભેદવાનો ઉપાય સાધુસંગ અને આગમ છે. અર્થાત્ સત્પુરુષનો સમાગમ અને આજ્ઞાનુસાર સદ્ગ્રંથનું અવગાહન એ બન્નેની એકતા કરવા વડે ધુરંધર એટલે બળવાન પુરુષાર્થ કરનારા જીવાત્માઓ તે અવેદ્ય પદને જીતી શકે છે. અર્થાત્ બળવાન જીવો સત્સંગ અને આગમ દ્વારા એ અવેદ્ય પદને જીતીને વેદ્યસંવેદ્ય પદ પ્રાપ્ત કરે છે. ઓઘદૃષ્ટિમાં તેમજ મિત્રાદિ ત્રણ દૃષ્ટિમાં આ અવેદ્યસંવેદ્ય પદ જિતાવું અશક્ય છે. તેથી માત્ર આ ચોથી દીપ્રા દૃષ્ટિને છેડે તે જીતવાનું વિધાન છે. તે પહેલાં યોગ્યતા લાવવા માટે મુખ્યપણે ઉપદેશબોધનું કથન કરાય છે.

**તે જીતે સહજે ટળેજી, વિષમ કુતર્ક પ્રકાર;**
**દૂર નિકટ હાથી હણેજી, જેમ એ બઠર વિચાર.**
**મન૦ ૧૧**

તે અવેદ્ય સંવેદ્ય પદ જિતાતાં તેની સાથે જે અનેક પ્રકારના હાનિકારક કુતર્કો હોય છે તે વેદ્યસંવેદ્ય પદમાં સૂક્ષ્મબોધ પ્રાપ્ત થતાં આપોઆપ ટળી જાય છે. તે કુતર્ક વિષે બઠરનું દૃષ્ટાંત :—

કોઈ નૈયાયિક વિદ્યાર્થીન્યાય ભણીને ઘેર આવતો હતો. ત્યાં રાજમાર્ગમાં સામેથી ગાંડો બનેલો હાથી દોડતો આવતો જોયો. તેની ઉપર બેઠેલો મહાવત બૂમો પાડી પાડીને લોકોને દૂર નાસી જવા કહેતો હતો તેથી લોકો દૂર નાસી ગયા. પરંતુ પેલો ન્યાયવાદી બટુક ત્યાં જ ઊભો રહ્યો ને તર્ક કરવા લાગ્યો કે હાથી પ્રાપ્તને હણે છે કે અપ્રાપ્તને? જો પ્રાપ્તને હણતો હોય તો મહાવત ઉપર બેઠો છે તેને હણે અને જો અપ્રાપ્તને હણતો હોય તો દૂર ગયેલા લોકોને હણે. એટલામાં તો હાથી નજીક આવ્યો અને તે બઠરને સૂંઢમાં પકડી ચીરી નાખ્યો તેથી મરણ પામ્યો. જેમ એ બઠર—મૂર્ખ છાત્રે મહાવતનાં વચન માન્યાં નહીં અને આપમતે વિચાર કરતો ત્યાં જ ઊભો રહ્યો તેથી મરણ પામ્યો, તેમ શાસ્ત્ર વાંચીને કુતર્ક કરવા એ ઘણું ભયંકર છે. જે તત્ત્વગવેષક હોય તે, ગુરુમુખથી જાણી તેણે કહેલે માર્ગે પ્રવર્તન કરે તો તત્ત્વ પામે પરંતુ આપમતિ હોય તે નરક નિગોદનાં દુઃખ પામે, માટે આપમતિ ન થવું.

**હું પામ્યો સંશય નહીંજી, મૂરખ કરે એ વિચાર;**
**આળસુઆ ગુરુ શિષ્યનોજી, તે તો વચન પ્રકાર.**
**મન૦ ૧૨**

કુતર્કો કરતાં પછી પોતાનો તર્ક જ સાચો છે એમ આગ્રહ થઈ જાય, તેથી અભિમાન કરે. પોતાને સર્વજ્ઞ જેવો માને અને કલ્પિત મતની સ્થાપના કરે. એવા નિહ્નવ મહાવીર સ્વામીના વખતમાં પણ ઘણા થયા છે. અથવા તો શાસ્ત્ર પણ ન ભણે અને એમ માને કે હું બધું સમજું છું, મારે હવે વિશેષ જાણવા

સમજવાનું કંઈ નથી. એમ વિચારી પ્રમાદ સેવે અને સ્વચ્છંદે વર્તે. તે પર આળસુ ગુરુ-શિષ્યનું દૃષ્ટાંત :–

કોઈ અન્યદર્શની ગુરુ-શિષ્ય બહુ આળસુ હતા. તેઓ નગરની બહાર એક મઢીમાં પડી રહેતા. ગામમાં એકાદ ઘેર ફરીને ભિક્ષા લાવે ને થોડું ઘણું જે મળે તેથી ઉદર પૂરણા કરે. પાસે ઓઢવા પાથરવાનું તો હોય જ ક્યાંથી? એવામાં પોષ માસના દિવસ આવ્યા ને ઠાર પડવા લાગ્યો. એક દિવસ ટાઢ બહુ પડી, તેથી તે ગુરુ શિષ્ય થરથર કંપતા ભિક્ષા જડી ન જડી એવે હાલે તુરત ગામમાંથી આવીને મઢીની અંદર પણ આળસને લીધે ગયા નહીં, એમ જ જીર્ણ વસ્ત્રે મુખ ઢાંકી બહાર આવી સૂતા. પાછલી રાત્રે જાગ્યા ત્યારે નેત્ર ઉઘાડવા જેટલો પણ ઉદ્યમ કર્યા વિના ઢાંકેલે મુખે જ ગુરુએ પૂછ્યું કે હે શિષ્ય! ટાઢ ઘણી લાગે છે, માટે હું ઝૂંપડીમાં છું કે બહાર છું? ત્યારે શિષ્ય જે ગુરુથી પણ વધારે અજ્ઞાની અને આળસુ હતો તે પણ બંધ નેત્રે ઢાંકેલે મુખે જ બોલ્યો કે આપણે ઝૂંપડીમાં છીએ. તેવામાં ટાઢથી બચવા કોઈ કૂતરો ગુરુ પાસે આવી સૂતો હતો તેનું પૂંછડું ગુરુના હાથમાં આવવાથી તે બોલ્યા કે હે શિષ્ય, મને આ પૂંછડું છે કે શું? ત્યારે શિષ્ય બોલ્યો કે એ તો તમારી કાછડીનો છેડો છે માટે હવે બોલ્યા વિના છાનામાના પડી રહો. એમ અજ્ઞાન ને આળસમાં ત્યાં જ સૂઈ રહેલા તે ગુરુ શિષ્ય પ્રાતઃકાળે હિમ પડવાથી ઠરીને મરણ પામ્યા.

તેમ જે આળસુ હોય તે પોતાની મતિ કલ્પનાએ કુતર્ક કરે, પોતાથી વધારે જાણનારને પૂછે નહીં તેમજ આગળ ભણવાનો ઉદ્યમ કરે નહીં તેથી તત્ત્વ પામે નહીં.

કુતર્ક અનેક પ્રકારે છે. પરંતુ તેમાં મહાપુરુષોનો અપવાદ બોલવો જેમકે સર્વજ્ઞ નથી એમ કહેવું એ આદિ મુખ્ય કુતર્ક છે. શ્રી હરિભદ્રસૂરિ કહે છે કે જેમને મોક્ષે જવું છે એ જીવોએ કુતર્કનો આગ્રહ કરવા જેવું નથી. તેઓએ શેનો આગ્રહ કરવો? તો કહે છે કે શ્રુતજ્ઞાન ભણવાનો, શીલ એટલે દ્રોહ-વિરતિનો અને સ્વરૂપમાં સ્થિર થવારૂપ સમાધિનો તેમજ પરોપકાર કરવાનો આગ્રહ ભલે કરવો, કે જેથી જ્ઞાનદશા પ્રગટે. ગૌતમસ્વામી જેવા ચાર જ્ઞાનના ધણી હતા. તેઓએ પણ પોતાની ભૂલ થતાં તરત આનંદ શ્રાવકની માફી માગી હતી. તેવી રીતે કુતર્કનો આગ્રહ ન કરતાં તરત તેથી પાછા વળવું.

**ધીજે તે પતિઆવવુંજી, આપમતે અનુમાન;**
**આગમ ને અનુમાનથીજી, સાચું લહે સુજ્ઞાન.**
**મન૦ ૧૩**

માત્ર બુદ્ધિથી તર્ક દ્વારા અતીંદ્રિય વસ્તુનું જ્ઞાન થઈ શકતું નથી. જેમકે આગમમાં શમ સંવેગાદિ ગુણો હોય તો સમકિત કહ્યું છે તે ન ગણે અને તર્કથી સમકિત છે એમ માની લે તેથી લાભ થાય નહીં. પરંતુ આગમને મળતી દશાથી પ્રમાણ સહિત અનુમાન કરે. અર્થાત્ આગમમાં કહ્યા પ્રમાણે આજ્ઞાનુસાર આચરણ કરીને યોગાભ્યાસ દ્વારા તે દશા પ્રગટ કરે, પછી તેને આગમમાં કહેલાં લક્ષણો સાથે સરખાવી પ્રમાણ કરે, તો તેવા અનુમાન અથવા સુતર્કથી સમ્યક્જ્ઞાન પ્રાપ્ત થાય છે.

**નહીં સર્વજ્ઞ જુજુઆજી, તેહના જે વળી દાસ;**
**ભક્તિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ.**
**મન૦ ૧૪**

હવે અહીં બુદ્ધિથી કરેલ અનુમાન અને આગમ એટલે આપ્તપુરુષના વચનને અનુસરીને કરેલ અનુમાન એ બેની પ્રમાણતા વિષે દૃષ્ટાંત આપે છે.

જગતમાં અનેક ધર્મ પ્રવર્તે છે. તેમાં દરેક ધર્મવાળા પોતાના ધર્મસ્થાપકને સર્વજ્ઞ માને છે. વળી તે ધર્મપ્રવર્તકો ભિન્ન ભિન્ન માન્યતાવાળા જણાય છે તેથી સર્વજ્ઞ જુદા જુદા છે એમ બુદ્ધિથી અનુમાન કરતાં મનાય છે. પરંતુ આપ્ત પુરુષના વચનને અનુસરીને સ્યાદ્વાદથી વિચારવામાં આવે તો જણાય કે ત્રણે કાળમાં જે જે સર્વજ્ઞો થયા છે ને થશે તેઓના જ્ઞાનમાં ફેર હોતો નથી. તેમજ સર્વજ્ઞને અનુસરનારા શ્રુતકેવલી વગેરેનું જ્ઞાન પણ તેવું જ હોય છે. ન્યાયમતિ પતંજલિ પણ કહે છે કે દર્શનો ભિન્ન ભિન્ન છતાં સર્વજ્ઞ તો એક જ હોઈ શકે. અર્થાત્ સર્વજ્ઞની વાણીમાં ભેદ નથી, પરંતુ તે વાણીને સમજવામાં બુદ્ધિ અનુસાર ભેદ પડે છે. વળી જગતમાં ચિત્ર અચિત્ર પ્રકાશવાળી ભક્તિ પ્રવર્તે છે તેનું કારણ પણ એ જ છે. તે વિષે દૃષ્ટાંત—

કોઈ રાજાએ એક સુંદર કલાભુવન બંધાવ્યું. પછી તેની અંદર આવેલા સભામંડપને શોભાવવા માટે અનેક ઉત્તમ ચિત્રકારોને યોગ્ય વેતનથી રોકવામાં આવ્યા. રાજાએ તે દરેકને ભીંતનો થોડો થોડો ભાગ વહેંચી આપી જાહેર કર્યું કે જેની કળા સર્વોત્તમ જણાશે-તેને પારિતોષિક આપવામાં આવશે. પછી તે જુદા જુદા ચિત્રકારોએ ઘણી મહેનત કરીને પોતાની બુદ્ધિ અનુસાર ઉત્તમ રંગબેરંગી ચિત્રો દોર્યાં. પરંતુ તેમાંનાં એક ચિત્રકારે તો પોતાના વિભાગ આડો પડદો રાખીને તે ભીંતને

દરરોજ ખૂબ ઘસી ઘસીને અરીસા જેવી સ્વચ્છ બનાવી. હવે જ્યારે મુદત પૂરી થઈ ત્યારે રાજા પરીક્ષા કરવા આવ્યો. તેણે બધાનાં ચિત્રો યથાયોગ્ય વખાણ્યાં. પછી પેલા ચિત્રકાર પાસે આવ્યો ત્યારે તેણે પડદો ઊંચો કરી બતાવ્યું તો તેમાં બધા ચિત્રકારોના ચિત્રોનું સુંદર પ્રતિબિંબ પડેલું દેખાયું. તેથી આખું કલાભુવન શોભી રહ્યું! તે જોઈ રાજા અત્યંત પ્રસન્ન થયો અને તે અચિત્ર ચિત્રકારને પારિતોષિક આપવામાં આવ્યું. એ રીતે રાગદ્વેષ રહિત અચિત્ર ભક્તિ છે, તે મોક્ષપ્રદ છે. જગતમાં દેવ-ભક્તિના ચિત્ર ને અચિત્ર એ બે ભેદ છે. તે વિષે નીચે કહે છે –

**દેવ સંસારી અનેક છે જી, તેહની ભક્તિ વિચિત્ર;**
**એક રાગ પર દ્વેષથી જી, એક મુક્તિની અચિત્ર.**
**મન૦ ૧૫**

સંસારી દેવો અનેક પ્રકારના છે. તેમની ભક્તિ પણ અનેક પ્રકારની સંસારી ઇચ્છાઓથી રાગ કે દ્વેષ પૂર્વક અનેક પ્રકારે કરવામાં આવે છે તે ચિત્રા ભક્તિ વિચિત્ર અર્થાત્ ભિન્ન ભિન્ન પ્રકારની છે. અને પરમપદને પામેલા એવા વીતરાગદેવની ભક્તિ જે રાગદ્વેષ રહિત શાંત થયેલા યોગીઓ માત્ર મોક્ષને અર્થે કરે છે તે ચિત્તવિશુદ્ધિ રૂપ અચિત્ર ભક્તિ એક જ પ્રકારની છે, કે જે પરમપદ મોક્ષને પ્રાપ્ત કરાવનારી છે.

**ઇંદ્રિયાર્થગત બુદ્ધિ છે જી, જ્ઞાન છે આગમ હેત;**
**અસંમોહ શુભ કૃતિ ગુણેજી, તેણે ફળ ભેદ સંકેત.**
**મન૦ ૧૬**

વળી સમાન વિધિથી સદ્અનુષ્ઠાન કરનારા જીવોના

આશયમાં પણ કર્માનુસાર અનેક ભેદ પડી જાય છે. તેથી હૃદયના આશયને અનુસરીને ફળ મળે છે તે પણ ભિન્ન ભિન્ન હોય છે તે કહે છે —

માત્ર ઇંદ્રિયગોચર પદાર્થને આશ્રય કરનાર તે બુદ્ધિમાન છે, આગમ અનુસાર અતીંદ્રિય પદાર્થને પણ જે સમજે તે જ્ઞાનવંત છે. અને તદુપરાંત મોહ રહિત આત્મહિતાર્થે જે પ્રવર્તે તે અસંમોહ ક્રિયાવંત છે : એમ મુખ્ય ત્રણ લક્ષણવાળા જીવો હોય છે. તેઓ દ્વારા કરાતી એક જ ક્રિયાના ફળમાં ભેદ પડી જાય છે.

**આદર કિરિયા રતિ ઘણીજી, વિઘન ટળે મિલે લચ્છિ;**
**જિજ્ઞાસા બુધ સેવનાજી, શુભ કૃતિ ચિહ્ન પ્રત્યચ્છિ.**

**મન૦ ૧૭**

વર્તમાન કાળમાં આવશ્યક, પૂજા, પાઠ, ભક્તિ, વંદન, નમસ્કાર, વ્રત, તપ, જપ વગેરે જે ધર્મનાં અનુષ્ઠાનો કરવામાં આવે છે, તે મોટે ભાગે ઓઘદૃષ્ટિથી થાય છે. પણ આ અનુષ્ઠાનોને અમૃતક્રિયારૂપ બનાવવા આચાર્ય જણાવે છે કે —

આ અનુષ્ઠાનો પ્રત્યે આદર બહુમાન રાખવું, ક્રિયા કરવામાં અત્યંત પ્રીતિ કરવી, વેઠ ન ઉતારવી. હૃદયના શુદ્ધ આશયથી ધર્મક્રિયા કરવામાં આવે છે ત્યારે ભાગ્યોદય થવાથી વિઘ્નો પણ પોતાની મેળે દૂર થઈ જાય છે. વિઘ્નો ચાલ્યા જવાથી *શુભ ભાવની વૃદ્ધિ થતાં પુણ્યરૂપ લક્ષ્મી પ્રાપ્ત થાય છે તેમજ* સત્ ક્રિયામાં પ્રવૃત્તિ કરતાં જ્ઞાનદર્શનાદિ ભાવલક્ષ્મી પણ પ્રાપ્ત થાય છે. વળી તત્ત્વની જિજ્ઞાસા અને તે અર્થે જ્ઞાનીના ચરણની

ઉપાસના-સેવા કરવી એ પણ સદ્ અનુષ્ઠાન છે અને પુણ્ય-બંધનાં પ્રત્યક્ષ ચિહ્ન છે.

હવે ઉપર કહ્યા તે બુદ્ધિ આદિના ભેદથી તેના ફલમાં ભેદ પડે છે તે કહે છે —

**બુદ્ધિ ક્રિયા ભવફલ દિયેજી, જ્ઞાનક્રિયા શિવ અંગ;**
**અસંમોહ કિરિઆ દિયેજી, શીઘ્ર મુક્તિ ફલ ચંગ.**

**મન૦ ૧૮**

પોતાની બુદ્ધિએ આજ્ઞાના લક્ષ વિના બાહ્યદૃષ્ટિથી ઇન્દ્રિયના વિષયોના લક્ષે જે ક્રિયા કરવામાં આવે છે, તે બુદ્ધિક્રિયા છે અને તેનું ફળ ચાર ગતિ રૂપ સંસાર છે. આગમમાં કહેલા આશયને સમજીને અથવા જ્ઞાનીની આજ્ઞાના લક્ષપૂર્વક જે ક્રિયા થાય છે, તે જ્ઞાનક્રિયા છે અને તેનું ફળ પરંપરાએ મોક્ષ છે. કોઈ પણ પ્રકારના પુદ્ગલિક ફલની ઇચ્છા રાખ્યા વિના શુદ્ધ ભાવે જે અનુષ્ઠાન કરાય છે, તે અસંમોહ ક્રિયા છે અને તે ઇષ્ટ એવા મોક્ષફલને શીઘ્ર આપનારી છે. તે અસંમોહ ક્રિયા કરનારનો લક્ષ કેવો હોય તે હવે કહે છે.

**પુદ્ગલ રચના કારમી જી, તિહાં જસ ચિત્ત ન લીન;**
**એક માર્ગ તે શિવ તણોજી, ભેદ લહે જગ દીન.**

**મન૦ ૧૯**

તે અસંમોહ અનુષ્ઠાન કરનારા મહાત્માઓ સંસારથી વિરામ પામેલા હોવાથી આકર્ષક છતાં એકાંત દુઃખદાયક એવી પુદ્ગલની રચનામાં તેમનું ચિત્ત લીન થતું નથી. પુદ્ગલને પુદ્ગલરૂપે જાણે. "રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે

માન્યાં પુદ્‌ગલ એક સમાન જો.'' એવી દૃષ્ટિથી જગતને જોનારા મહાત્માઓ ચિત્તવિશુદ્ધિરૂપ જે મોક્ષમાર્ગને આરાધે છે તે વાસ્તવિક એક જ પ્રકારનો છે. અવસ્થાભેદથી ગુણસ્થાન આદિ ભેદ પડે છે પરંતુ માર્ગ વાસ્તવિક એક જ છે. તે વિષે શ્રીમદ્ રાજચંદ્ર હસ્તાક્ષર (સદ્‌ગુરુપ્રસાદ) આંક ૪ માં કહ્યું છે કે—

''મોક્ષના માર્ગ બે નથી. જે જે પુરુષો મોક્ષરૂપ પરમ શાંતિને પામ્યા, તે તે સઘળા સત્પુરુષો એક જ દ્વારેથી પામ્યા છે, વર્તમાન કાળે પણ તેથી જ પામે છે, અનાગત કાળે પણ તેથી જ પામશે. ત્યાં તે માર્ગમાં મતભેદ નથી, અસરળતા નથી, ઉન્મત્તતા નથી, ભેદાભેદ નથી, માન્યામાન્ય નથી. પવિત્ર માર્ગ તે છે, સરળ માર્ગ છે, સ્થિર માર્ગ તે છે. સમભાવી માર્ગ તે છે. અનુપમ અને સ્વાભાવિક શાંતિરૂપ માર્ગ તે છે. સર્વ કાળે તેનું હોવાપણું છે.'' અત્રે એ પત્ર સંપૂર્ણ વિચારતાં વાસ્તવિક મોક્ષમાર્ગ એક જ છે તે સમજાય છે.

તેમ છતાં જગતના બાહ્ય વિષયોમાં મોહ પામેલા દીન-પામર જીવો અજ્ઞાનને લઈને મોક્ષમાર્ગ ભિન્ન ભિન્ન હોવાનું કલ્પે છે. ધર્મમાં બાહ્યદૃષ્ટિથી ભેદ દેખાવા છતાં વાસ્તવિક ભેદ નથી તે હવે કહે છે –

**શિષ્ય ભણી જિન દેશનાજી, કહે જન પરિણતિ ભિન્ન;**
**કહે મુનિની નય દેશનાજી, પરમાર્થથી અભિન્ન.**

**મન૦ ૨૦**

જિનેશ્વર ભગવાનની દેશના સર્વનય-ગર્ભિત હોય છે અને તેમાં એવો અતિશય હોય છે કે સભાના સર્વે જીવો પોતપોતાની

ભાષામાં અને પોતપોતાની અપેક્ષાએ જેમ ઘટે તેમ તત્ત્વને યથાર્થ સમજી જાય છે; અને એ રીતે તેમની શંકાઓનું સમાધાન આપોઆપ થઈ જાય છે.

સર્વજ્ઞને અનુસરનારા જે મુનિઓ છે તેઓ પ્રમાણભૂત વસ્તુને લક્ષમાં રાખીને અમુક નયની અપેક્ષાએ દેશના આપે છે. પરભવની શ્રદ્ધા કરાવવા નિત્ય-દ્રવ્ય દૃષ્ટિ ઉપર ભાર મૂકે, અથવા વૈરાગ્યના હેતુથી અનિત્ય-પર્યાય દૃષ્ટિ ઉપર ભાર મૂકે. એમ જુદા જુદા જીવોને ધર્મનું બીજારોપણ જે રીતે થાય એ રીતે જુદા જુદા નયથી દેશના આપે છે. પરંતુ તેમાં મોક્ષપ્રાપ્તિ એ જ એક પરમાર્થ હોવાથી તે અભિન્ન છે.

**શબ્દ ભેદ ઝઘડો કિસ્યોજી, પરમારથ જો એક;**
**કહો ગંગા કહો સુરનદીજી, વસ્તુ ફરે નહીં છેક.**
**મન૦ ૨૧**

કપિલ, બુદ્ધ આદિ અન્ય દર્શનના મહાપુરુષોએ ઉપદેશ કર્યો છે તેઓએ પણ, સર્વજ્ઞને માન્ય કરીને કહું છું, એમ કહ્યું છે. તે મહાત્માઓનો આશય તે તે દેશ કાળને અનુસરીને હોય તે જાણ્યા વિના તેમના પર આક્ષેપ કરવો તે સર્વજ્ઞ પર આક્ષેપ કરવા જેવું છે. પરમાર્થ એક છતાં શબ્દ ભિન્ન ભિન્ન હોય તે વિષે વિવેકીજનો વિવાદ કે ઝઘડો કરે નહીં. જેમ કે ગંગાને કોઈ સુરનદી કહે તેથી તે નદી કંઈ ફરી જતી નથી. માટે સામાનો અભિપ્રાય જાણ્યા વિના એકદમ તેનું ખંડન કરવું યોગ્ય નથી. મતભેદ વખતે મધ્યસ્થ રહેવું યોગ્ય છે.

**ધર્મ ક્ષમાદિક પણ મટેજી, પ્રગટે ધર્મ સંન્યાસ;**
**તો ઝઘડા મોટા તણોજી, મુનિને કવણ અભ્યાસ.**
**મન૦ ૨૨**

મુમુક્ષુ એવા મુનિઓ તો ક્ષમા આદિને ધરનારા અને હિત મિત બોલનારા હોય છે. તેમનો લક્ષ તો ક્ષપકશ્રેણી માંડવાનો જ હોય છે. ક્ષપકશ્રેણીમાં ક્ષયોપશમ ધર્મો—વ્રત, ક્ષમા આદિના વિકલ્પો પણ મૂકવારૂપ ધર્મસંન્યાસયોગ પ્રગટ થાય છે, ત્યારે આત્માના ક્ષાયિક ધર્મો પ્રગટે છે. તેથી મુનિઓ તો પરમાર્થ પ્રત્યે લક્ષ રાખે. તુચ્છ નજીવી વાતોમાં મોટા ઝઘડા કરવા તેમને કેમ ઘટે ?

**અભિનિવેશ સઘળો ત્યજીજી, ચાર લહી જેણે દૃષ્ટિ;**
**તે લેશે હવે પંચમીજી, સુયશ અમૃત ઘનવૃષ્ટિ.**
**મન૦ ૨૩**

કુતર્ક મોટો શત્રુ છે. તેથી વિપરીત અભિનિવેશ થાય છે. તેને તજવા માટે ૧૧ થી ૨૨ ગાથામાં પ્રસંગોપાત્ત કથન કર્યું છે. મુનિઓ તો મહાપુરુષે કહ્યા પ્રમાણે વર્તે છે. પરને લેશ પણ પીડા કરે નહીં, સર્વ પર ઉપકાર કરે, પૂજ્ય પુરુષોનો વિનય કરે, દોષિતની દયા ચિંતવે—એમ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવના ભાવે. એ રીતે સર્વ મિથ્યા આગ્રહોને તજીને પ્રથમની ચાર દૃષ્ટિના ગુણો પ્રગટ કરે તેને પાંચમી સ્થિરાદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. શ્રી યશોવિજયજી કહે છે કે તે સ્થિરાદૃષ્ટિ અમૃતઘનની વૃષ્ટિ જેવી છે.

## ઢાળ પાંચમી

# પાંચમી સ્થિરા દૃષ્ટિ

(ધન ધન સંપ્રતિ સાચો રાજા—એ દેશી)

**દૃષ્ટિ થિરામાંહે દર્શન નિત્યે, રત્નપ્રભા સમ જાણો રે,**
**ભ્રાંતિ નહિ વળી બોધ તે સૂક્ષ્મ, પ્રત્યાહાર વખાણો રે. ૧**

પાંચમી દૃષ્ટિ અપ્રતિપાતી સમકિતની છે. ગ્રંથિભેદથી વેદ્યસંવેદ્ય પદ અહીં પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિમાં બોધ રત્નપ્રભા જેવો અપ્રતિપાતી=નિરંતર રહેનારો છે. અર્થાત્ દીપકના પ્રકાશને પવન અસર કરે તેમ રત્નના પ્રકાશને અસર કરે નહીં. રત્ન પર ધૂળ હોય તો ઝાંખું પડે, તેમ ચારિત્રમોહને કારણે વધારેમાં વધારે ત્રણ-ચાર ભવ કરે. નહીં તો તે જ ભવે મોક્ષે જાય.

અહીં વિપરીતતા=ભ્રાંતિ નામનો દોષ દૂર થાય છે અને સૂક્ષ્મબોધ નામનો ગુણ પ્રાપ્ત થાય છે. શ્રુતજ્ઞાનથી પદાર્થના સ્વરૂપને યથાર્થ જાણે છે. પ્રથમ બંધનાં કારણને સારાં માનતો હતો, મોક્ષનાં કારણને અઘરાં માનતો હતો વગેરે વિપરીત માન્યતાઓ હતી, તે સર્વથા દૂર થાય છે. તેમજ વખાણવા લાયક એવું પ્રત્યાહાર નામનું અંગ પ્રગટ થાય છે.

**એ ગુણ વીર તણો ન વિસારું, સંભારું દિનરાત રે;**
**પશુ ટાલી સુરરૂપ કરે જે, સમકિતને અવદાત રે.**
**એ ગુણ રાજ તણો ન વિસારું, સંભારું દિનરાત રે. ૨**

ભ્રાંતિથી ઇંદ્રિય-વિષયમાં સુખ માન્યું હતું ત્યાં સુધી પશુ સમાન હતો, તે ટળીને હવે દેવ જેવો થયો. શુદ્ધ સમકિતને કારણે પૂજ્યતા બતાવવા 'દેવ' શબ્દ વાપર્યો છે. ગણધરદેવ પણ, સમકિતી ગમે તે વર્ણનો હોય તેને 'દેવ' કહીને બોલાવે છે. વળી હવે તેને દેવગતિ જ બંધાય છે તે અપેક્ષાએ પણ દેવ કહેવા યોગ્ય છે. એમ મનુષ્ય છતાં પ્રથમ પશુ સમાન હતો તે હવે દેવ સમાન થયો તે શાથી થયું? નિર્મળ શુદ્ધ સમ્યક્દર્શન થવાથી. અવદાત એટલે શુદ્ધ, સ્વચ્છ.

સમકિત થવામાં ઉપદેશની જરૂર છે. તેથી તે ઉપદેશદાતા વીર પ્રભુનો ઉપકાર તેમજ આ વિષમ કાળમાં તે વીર પ્રભુની ઓળખાણ કરાવનાર શ્રી સદ્ગુરુદેવનો ઉપકાર મહાન છે, તે કદી વિસારું નહીં, રાત દિવસ સંભારું. અર્થાત્ મુમુક્ષુએ સત્પુરુષનો ઉપકાર નિરંતર સ્મરવા યોગ્ય છે. "તેની નિષ્કારણ કરુણાને નિત્યપ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે." —શ્રીમદ્ રાજચંદ્ર

**બાલધૂલી ઘર લીલા સરખી, ભવ ચેષ્ટા ઇહાં ભાસે રે;**
**રિદ્ધિ સિદ્ધિ સવિ ઘટમાં પેસે, અષ્ટ મહા સિદ્ધિ પાસે રે.**
**એ ગુણ૦ ૩**

જેમ બાળક ધૂળમાં ઘર ખેતર વગેરે બનાવે તે આપણને અસુંદર ને અસ્થિર લાગે છે, તેમ આ દૃષ્ટિવાળાને જગતના

જીવોની સર્વ સુખ સામગ્રી—ચક્રવર્તીનું રાજ્ય પણ આત્માના વૈભવ આગળ અસુંદર અને અસ્થિર લાગે. રિદ્ધિસિદ્ધિ પણ પુણ્ય સામગ્રી છે અને ઘણી વાર આત્માર્થથી ભ્રષ્ટ કરાવનાર ને સંસારમાં રઝળાવનાર થઈ છે એમ જાણી તેમાં ચમત્કાર ન પામે, પરંતુ આત્મા છે તો તે પ્રગટે છે તેથી આત્મામાં જ ખરી રિદ્ધિસિદ્ધિ તેમજ આઠ મહા સિદ્ધિ વગેરે સર્વસ્વ છે એમ જાણી આત્માના અનંત ઐશ્વર્ય આગળ તે સર્વને તુચ્છ માને. જનકરાજાને સ્વપ્ન આવ્યું હતું કે કોઈએ રાજ્ય લઈ લીધું ને પોતે ભિખારી થયો ત્યાં આંખ ઊઘડી ગઈ ને આશ્ચર્ય પામ્યો કે આ શું? મારે વળી ભીખ કેવી! તેમ સિદ્ધ સમાન આત્મા કહ્યો છે, તેની પ્રતીતિ થઈ પછી બાકી શું રહ્યું? શ્રુતના વિવેકથી બધા પદાર્થોને મૃગજળ જેવા, સ્વપ્ન જેવા અથવા ધૂળ જેવા જ જુએ. પ્રકૃતિના ઉદયને પણ પોતાનું સ્વરૂપ ન માને. પોતાના તેમ જ પરના આત્માને જડથી સર્વથા ભિન્ન આત્મારૂપે જ જુએ.

**વિષય વિકારે ન ઇંદ્રિય જોડે, તે ઇહાં પ્રત્યાહારો રે;**
**કેવળ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારો રે.**
**એ ગુણ૦ ૪**

એ રીતે સૂક્ષ્મબોધ થતાં સર્વ પદાર્થો અસાર લાગે. આત્મા જ એક સારભૂત લાગે તથા ઉપયોગ ઇન્દ્રિયોના વિષયોથી પાછો વળે, તે આ દૃષ્ટિનું પ્રત્યાહાર નામનું અંગ છે. બાહ્ય વસ્તુનું માહાત્મ્ય નથી તેથી ઇંદ્રિયોથી સંભળાય, દેખાય, ચખાય, છતાં તેમાં ઉપયોગ લીન ન થાય. આત્માનો ઉપયોગ

બહાર જતો રોકાઈને ક્યાં રહે ? તો કે ઉપયોગ કેવળ ઉપયોગમાં રહે એ રૂપ જે કેવળ જ્યોતિ છે તે જ સંપૂર્ણ તત્ત્વપ્રકાશ (કેવળજ્ઞાન) નું કારણ છે. શુદ્ધભાવની પ્રાપ્તિ માટે ઉપયોગ એ જ સાધના છે. બાકી બાહ્ય યોગાદિની પ્રવૃત્તિરૂપ ઉપાયો માત્ર ઉપદ્રવરૂપ અસાર છે. આત્માને ભૂલીને મનવચનકાયામાં પ્રવર્તે તે યોગમાયા છે. ક્ષાયિક સમ્યક્દૃષ્ટિને સર્વ કંઈ કરતાં આત્માનો લક્ષ નિરંતર રહે છે. ચારિત્રમોહને લઈને જે પ્રવર્તન કરવું પડે તેમાં માહાત્મ્ય નથી.

**શીતલ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે,**
**ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ, લાગે અનિષ્ટ તે**
**મનને રે. એ ગુણ૦ ૫**

જેવી રીતે બાવના ચંદન અત્યંત શીતળ છતાં એનાં ડાળ ઘસાતાં જે અગ્નિ પ્રગટ થાય તે આખા વનને બાળી નાખે છે, તેવી રીતે ધર્મના આરાધનથી પ્રાપ્ત થયેલા પુણ્યના ફળરૂપ પાંચ ઇંદ્રિયના વિષયભોગ—સાંસારિક સુખો આ દૃષ્ટિવાળાને અનિષ્ટ લાગે છે. મૂળમાં 'પ્રાયઃ' શબ્દ છે. એટલે તીર્થંકર પ્રકૃતિ વગેરે સમ્યક્દર્શનસહિત બંધાયેલું પુણ્ય એટલો અંતરદાહ ઉત્પન્ન કરતું નથી. સમ્યક્દૃષ્ટિ દેવલોકમાં પણ પ્રમાદી રહેતા નથી. સારા નિમિત્તને મેળવે છે. સીતાએ અગ્નિપ્રવેશ કર્યો ત્યારે અગ્નિનું પાણી થઈ ગયું, તેવી રીતે સમ્યક્દર્શન છે તે દુઃખમાં પણ શાંતિ આપે છે. છતાં આ દૃષ્ટિવાળા ઉત્કૃષ્ટ પુણ્યને પણ ઇષ્ટ માનતા નથી. સંસારનાં સુખદુઃખ બન્નેને સમાનપણે અસાર માને છે.

**અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્ગલ જાલ તમાસી રે;**
**ચિદાનંદઘન સુયશ વિલાસી, કેમ હોય જગનો આશી રે.**
**એ ગુણ૦ ૬**

આ દૃષ્ટિમાં સિદ્ધના આઠ ગુણોમાંનો એક ક્ષાયિકસમકિત ગુણ પ્રગટ્યો છે, તેથી સિદ્ધનું અવિનાશી સ્વરૂપ અંશે પ્રાપ્ત થયું છે. પુદ્ગલની રચનાને બાજીગરની બાજી જેવી જાણી તેનો દ્રષ્ટા રહે છે. જેને ચેતનનો આનંદ સમજાયો છે તે જગતની જડવસ્તુની આશા કેમ રાખે? શ્રી યશોવિજયજી પ્રત્યે શ્રી આનંદઘન મહારાજનો ઉપકાર હતો તે દર્શાવવા અહીં આનંદઘન શબ્દ યોજ્યો લાગે છે. ચૈતન્ય સ્વરૂપના આનંદના સમૂહરૂપી યશનો ભોગવનાર આ દૃષ્ટિવાળો હોય છે, તેથી સાંસારિક વસ્તુઓની આશા તેને કેમ હોય? અર્થાત્ ન જ હોય.

☆☆☆☆☆☆

## ઢાળ છઠ્ઠી

# છઠ્ઠી કાંતાદૃષ્ટિ

(ભોલીડા હંસા રે વિષય ન રાચીએ—એ દેશી)

**અચપલ રોગરહિત નિષ્ઠુર નહિ,**
**અલ્પ હોય દોય નીતિ;**
**ગંધ તે સારો રે કાન્તિ પ્રસન્નતા,**
**સુસ્વર પ્રથમ પ્રવૃત્તિ.**
**ધન ધન શાસન શ્રી જિનવરતણું. ૧**

આ ઢાળની પહેલી ચાર ગાથા પાંચમી દૃષ્ટિ સંબંધી છે.

પાંચમી દૃષ્ટિથી સમ્યક્દર્શનની પ્રાપ્તિ થતાં વાસ્તવિક યોગ-સાધનાની શરૂઆત થાય છે, ત્યારે નિઃશંકિત આદિ અનેક ગુણો પ્રગટે છે. સાથે યોગ પ્રવૃત્તિનાં બીજાં પણ ચિહ્નો હોય છે તે હવે કહે છે :—

(૧) **અચપલ**—ઉપયોગની સ્થિરતા રહે. તે સાથે મન વચન કાયાની પ્રવૃત્તિ પણ અચપલ એટલે શાંત, સ્થિર થાય.

(૨) **રોગરહિત**—જે પુરુષાર્થ કરી શકે તે નીરોગી છે. સમ્યક્દૃષ્ટિ સાચા પુરુષાર્થી છે. તે સાથે આસન પ્રાણાયામાદિને કારણે તેમજ પુણ્યના પ્રભાવથી શરીર નીરોગી થાય.

(૩) **નિષ્ઠુર નહિ**—સર્વ જીવને આત્મા સમાન ગણે તેથી હૃદયમાં કઠોરતા ન રહે. વ્રત ન લીધું હોય તો પણ હૃદય કોમળ હોય. કોઈને દુઃખી કરવા ન ઇચ્છે. પોતાને કોઈ દુઃખ આપે તોપણ દ્વેષ ન થાય. તે જીવને તેવો કર્મનો ઉદય છે એમ

સમજે. સાપ વીંછી કરડે તેને પણ મારવાના ભાવ ન થાય. એમ નિષ્ઠુરતા-ક્રૂરતા જઈને કોમળતા આવે.

**(૪) વડીનીતિ, લઘુનીતિ અલ્પ હોય**—દશા ફરવાથી ભાવ સારા રહે. શુદ્ધ પરિમિત આહાર લેવાથી નિહાર પણ ઓછો હોય. પ્રથમ ગૃદ્ધિને લીધે મિતાહારીપણું ન હતું. તે મોહ છૂટી ગયો તેથી જીવવા પૂરતું આહારપાન કરે. ભોજન વગેરે શરીરક્રિયાની વાતો પણ ઓછી થઈ જાય, કે એ વાતો શું કરવી?

**(૫) સુગંધ**—ભાવશુદ્ધિની સાથે સાત્ત્વિક આહારાદિથી શરીરની દુર્ગંધ વગેરે સહેજે ટળીને સુગંધ રહે.

**(૬) કાંતિ**—આત્માની શાંતિ અને નીરોગિતાથી મુખ પર તેજ આવે તે જોતાં પરને આનંદ થાય.

**(૭) પ્રસન્નતા**—ચિત્ત પ્રસન્ન રહે. કોઈથી દુભાય નહીં. કોઈનો વાંક નથી એમ માને તેથી ક્રોધ ન કરે.

**(૮) સુસ્વર**—સ્વાદ જીતવાથી સ્વર સુધરે. કષાયરહિત વાણી હોવાથી મીઠી લાગે. એ આદિ પ્રવૃત્તિ હોય છે.

અહો! શ્રી જિન ભગવાનનું શાસન (પ્રવચન અથવા માર્ગ) પ્રશંસવા યોગ્ય છે, ધન્યવાદને પાત્ર છે.

**ધીર પ્રભાવી રે આગલે યોગથી,**
**મિત્રાદિક યુત ચિત્ત;**
**લાભ ઇષ્ટનો રે દ્વંદ્વ અધૃષ્યતા,**
**જન પ્રિયતા હોય નિત્ય.** ધન૦ ૨

આગલી ચાર દૃષ્ટિ પ્રમાણે યોગસાધન કરેલ હોવાથી જે ગુણો પ્રગટેલા હોય છે તે પણ આ પાંચમી દૃષ્ટિમાં સ્થિર થાય છે, તેથી ધૈર્યવાળો અને પ્રભાવશાળી બને છે. મિત્રાદિક= મૈત્રી, પ્રમોદ, કરુણા ને ઉપેક્ષા એ ચાર ભાવનાથી યુક્ત ચિત્ત હોય છે. સર્વ જગતથી નિર્વૈર બુદ્ધિ હોવાથી દુશ્મનને પણ મિત્રભાવે જુએ તે મૈત્રીભાવના, પરના પરમાણુ જેવા ગુણને પણ પર્વત જેવા દેખે તે પ્રમોદભાવના, પરના દુઃખને પોતાના દુઃખ સમાન સમજીને દૂર કરે કે ઉપાય વિચારે તે કરુણા-ભાવના, કોઈના દોષ ન જુએ, જગતના સર્વ પ્રતિબંધને વિસારી આત્મહિતમાં વર્તે તે ઉપેક્ષાભાવના—એ ચાર ભાવના ચિત્તમાં સહેજે પ્રવર્તે. પુણ્યના પ્રભાવથી ઇષ્ટનો લાભ થાય. માન-અપમાન, રાગદ્વેષ, સુખદુઃખ આદિ દ્વંદ્વથી પરાજય ન પામે. વળી તે સર્વને ઉપકારક હોવાથી લોકોને સદા પ્રિય લાગે છે.

**નાશ દોષનો રે તૃપ્તિ પરમ લહે,**
**સમતા ઉચિત સંયોગ;**
**નાશ વૈરનો રે બુદ્ધિ ઋતંભરા;**
**એ નિષ્પન્નહ યોગ. ધન૦ ૩**

અગાઉ 'લોભી કૃપણ દયામણો' આદિ દોષો ગણાવ્યા હતા, તે દૂર થવાથી અને આત્માના જ્ઞાનની પરમ તૃપ્તિ અનુભવવાથી, પરવસ્તુ ન હોય તો પણ, સંતોષ રહે. અપરાધ કરનાર પ્રત્યે પણ ક્રોધની મંદતા હોવાથી અને મૈત્રીભાવના હોવાથી સમતા-ક્ષમા રહે. લોભના જવાથી દાન, પ્રિયવચન વડે બીજાને સંતોષે અને જ્યાં જેમ ઘટે તેમ વર્તે તે ઉચિત અથવા

ઔચિત્ય નામનો ગુણ છે. એ આદિ ગુણોનો સંયોગ આ પાંચમી દૃષ્ટિમાં થાય છે. પૂર્વનું વેર જેની સાથે હોય તેની માફી માગીને કે તેના ઉપર ઉપકાર કે વિનય કરીને તે વેરનો નાશ થાય તેમ વર્તે છે અને નવું વેર કરતો નથી. એ રીતે વેરભાવનો નાશ કરે છે. તેની બુદ્ધિ સેંકડો આશ્રિતોને પોષે તેવી પ્રભાવવાળી અગમ હોય. અથવા મૂળમાં ઋતંભરા પાઠ છે, કર્મયોગનાં પાંચ ગુણોમાં છેલ્લો ઋતંભર ગુણ છે.

જેથી આત્મા પ્રાપ્ત થાય એવી અભ્યંતર ક્રિયા તે કર્મયોગ છે. તેમાં (૧) પ્રવૃત્તિ અથવા યથાપ્રવૃત્તિકરણ, (૨) પરાક્રમ અથવા અપૂર્વકરણ (૩) જય અથવા અનિવૃત્તિકરણ (૪) આનંદ અથવા સમ્યક્દર્શનની પ્રાપ્તિ અને (૫) ઋતંભર એટલે સમ્યક્ દર્શન સહિત વ્રતનું આચરવું. એવી ઋતંભર ગુણવાળી બુદ્ધિ નિષ્પન્નયોગી એટલે જેને યોગ પ્રાપ્ત થયો છે એવા સમ્યક્દૃષ્ટિને હોય છે.

**ચિહ્ન યોગના રે જે પરગ્રંથમાં,**
**યોગાચારય દિઠ્ઠ;**
**પંચમ દૃષ્ટિ થકી તે જોડીએ,**
**એહવા તેહ ગરિઠ્ઠ. ધન૦ ૪**

પર ગ્રંથ એટલે જૈનેતર ગ્રંથમાં પણ યોગનાં જે ચિહ્નો યોગાચાર્યોએ વર્ણવ્યાં છે તે બધાં પાંચમી દૃષ્ટિથી લાગુ પડે છે. એવા પાંચમી દૃષ્ટિવાળા મહાત્મા ગરિઠ્ઠ એટલે ચઢિયાતા હોય છે. જૈનમાં યોગનાં બાહ્ય ચિહ્નો અને હઠયોગ આદિની વાતો નથી પરંતુ અન્ય મતોમાં હઠયોગ આદિ ગુરુની આજ્ઞાએ કરતાં

ઉપર કહ્યાં તેવાં યોગનાં જે જે ચિહ્નો પ્રાપ્ત થવાનું વર્ણન છે તે પાંચમી દૃષ્ટિવાળાને પણ લાગુ પડે છે એમ જાણવું. અર્થાત્ પાંચમી દૃષ્ટિમાં યોગના અભ્યાસથી દોષોનો નાશ અને ગુણોની પ્રાપ્તિ સહજ થાય છે. તેથી આત્માની ભાવનાઓ ઉન્નત બને છે અને તેની અસર બાહ્ય દેહાદિ ઉપર પણ થાય છે.

**છઠ્ઠી દિઠ્ઠિ રે હવે કાંતા કહું,**
**તિહાં તારાભ્ર પ્રકાશ;**
**તત્ત્વ મીમાંસા રે દૃઢ હોયે ધારણા,**
**નહીં અન્ય શ્રુત વાસ. ધન૦ ૫**

હવે છઠ્ઠી કાન્તાદૃષ્ટિ યથાર્થ નામવાળી છે. તેમાં બોધ તારાથી છવાયેલ નિર્મળ આકાશની પ્રભા જેવો હોય છે. આ દૃષ્ટિમાં મીમાંસા અથવા તત્ત્વની વિચારણારૂપ ગુણ પ્રગટે છે. સંસારનાં કાર્યોથી નિવૃત્તિ મેળવીને એકાંત સ્થાનમાં આત્મા વિષે વિચાર કરે. જેમકે "વિચારની ઉત્પત્તિ થવા પછી વર્ધમાન સ્વામી જેવા મહાત્મા પુરુષે ફરી ફરી વિચાર્યું કે આ જીવનું અનંતથી અનંતવાર જન્મવું મરવું થયા છતાં હજુ તે જન્મમરણાદિ સ્થિતિ ક્ષીણ થતી નથી તે હવે કેવા પ્રકારે ક્ષીણ કરવાં?" આ જીવની કઈ ભૂલ છે? તે કેમ દૂર કરવી? કેવલ-જ્ઞાનનું સ્વરૂપ કેવું હોય? વગેરે સૂક્ષ્મ વિચારણા આ દૃષ્ટિયુક્ત મહાત્માઓ રાતદિવસ કરે છે તે તત્ત્વમીમાંસા નામનો ગુણ છે.

વળી પરમાર્થ પ્રત્યે પ્રેમ પ્રગટ્યો છે તેથી તેનો જ નિરંતર લક્ષ રહે એ આ દૃષ્ટિનું ધારણા નામનું અંગ છે.

આ દૃષ્ટિમાં અન્યમુદ્ નામનો દોષ દૂર થાય છે. અન્યમુદ્

એટલે અપ્રસ્તુતમાં પ્રેમ, એ દોષ એક લક્ષ થવાથી જાય છે. તેથી જેમાં આત્માર્થ ન હોય તેવાં અન્ય શાસ્ત્રોમાં રાજી થવાનું, આશ્ચર્ય પામવાનું મટી જાય. દેહનું કે જગતનું માહાત્મ્ય રહ્યું ન હોવાથી વૈદક જ્યોતિષ્ક આદિ શાસ્ત્રોમાં કે અન્ય કોઈ વિષયમાં આકર્ષણ ન થાય. જ્ઞાન નિર્મળ હોવાથી કદાચ જાણે, તોપણ તેનું માહાત્મ્ય ન લાગે. વીતરાગ વાણીનું માહાત્મ્ય જાણ્યું છે તેથી અન્ય શાસ્ત્રો છાશ બાકળા જેવાં લાગે. જેમ પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ ઉપર પ્રેમ છે તેથી પતિનું વચન પ્રિય લાગે, તેવું અન્યનું વચન પ્રિય ન લાગે, તેમ આ દૃષ્ટિવાળાને વીતરાગ-શ્રુતમાં અનન્ય પ્રેમ છે તેથી અન્ય શ્રુતમાં તેવો પ્રેમ ન આવે.

**મન મહિલાનું રે વહાલા ઉપરે,**
**બીજાં કામ કરંત;**
**તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે,**
**જ્ઞાનાક્ષેપકવંત. ધન૦ ૬**

જેમ બીજાં કામમાં ગૂંથાવા છતાં પતિવ્રતા સ્ત્રીનું મન પોતાના પ્રિય પતિમાં જ સ્થિર રહે છે, તેમ સમ્યક્‌જ્ઞાન પ્રત્યે જેના મનમાં અત્યંત પ્રેમ વર્તે છે એવા મુમુક્ષુ, જ્ઞાની પાસેથી શ્રવણ કરેલા આત્મધર્મમાં મનને સ્થિર કરે છે. સમ્યક્‌દૃષ્ટિ મુમુક્ષુ શાસ્ત્ર વાંચે અને બીજા વાંચે તેમાં આભજમીન જેટલો ફેર છે. આને જે કાંઈ આત્માને ઉપકારી થાય તે પ્રત્યે લક્ષ રહે અને એક આત્માર્થનો ખપી થયો હોવાથી પરમાર્થને સાધે તેવો પુરુષાર્થ આદરે. બીજાને જગત પ્રત્યે લક્ષ હોય તેથી યાદ રાખે તોપણ કંઈ કાર્યકારી થાય નહીં.

શ્રુત એટલે સત્‌શાસ્ત્ર, સત્‌બોધ અથવા જ્ઞાની પાસે જે સાંભળ્યું હોય તે. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી ઉત્તરસંડા વનક્ષેત્રે હતા ત્યારે આખી રાત પરમશ્રુતનું અદ્‌ભુત રટણ કરતા. એકતાન તલ્લીનતા એવી રહેતી કે ડાંસ મચ્છર ઘણાં કરડે તોપણ શરીરનું કંઈ ભાન કે લક્ષ જ નહીં! એમ શ્રુતનું માહાત્મ્ય ખરેખરું લાગે ત્યારે દેહાદિ અન્ય સર્વને ભૂલી જાય. તે શ્રુત અનુભવ વધતી દશા! સ્વાધ્યાય અને ધ્યાનમાં શ્રુત તે સ્વાધ્યાય છે અને આત્માનો અનુભવ કરવો તે ધ્યાન છે. જ્ઞાની પાસે સાંભળ્યું હોય તેમાં જ ચિત્ત રોકાય. અથવા સમ્યક્‌દર્શન થયા પછી જ્ઞાનમાં જ ચિત્ત રાખે એ રીતે જ્ઞાન પ્રત્યે જે નિરંતર આકર્ષાયા છે તે જ્ઞાનાક્ષેપકવંત અથવા જ્ઞાની કહેવાય છે.

આ ગાથા ઉપર પરમ તત્ત્વજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રે વચનામૃત આંક ૩૯૪, ૩૯૫ ને ૩૯૬ માં વિસ્તારથી વિવેચન કર્યું છે જે આ ગ્રન્થની શરૂઆતમાં પ્રસ્તાવના પછી મૂકવામાં આવ્યા છે, તે અહીં ખાસ વિચારવા યોગ્ય છે. જેઓને ક્ષાયિક સમ્યક્‌દર્શન થયું છે અને આત્માનો અનુભવ વર્તે છે, એવા જ્ઞાની તો નિરંતર પોતાના શુદ્ધ સ્વરૂપમાં ચિત્ત રાખે છે અથવા તો પોતાથી અધિક દશાને પામેલા એવા તીર્થંકર આદિનું અવલંબન લે છે. પરંતુ જેમને હજુ સમ્યક્‌દર્શનની નિર્મળતા થઈ નથી એવા મુમુક્ષુએ તો જ્યાં એ ગુણ પ્રગટ થયો છે એવા જ્ઞાનીમાં તથા જ્ઞાનીથી પ્રાપ્ત થયેલ શ્રુતધર્મરૂપ વચનામૃતમાં નિરંતર ચિત્તને એકાગ્ર કરવા યોગ્ય છે. તેથી સ્વચ્છંદ કુતર્ક વગેરે દોષો ટળી જઈને સ્વરૂપમાં સ્થિરતા થાય છે, અને એ રીતે સમ્યક્‌દર્શનની નિર્મળતા પ્રાપ્ત થાય છે.

એહવે જ્ઞાને રે વિઘન નિવારણે,
 ભોગ નહીં ભવહેત;
નવિ ગુણ દોષ ન વિષય સ્વરૂપથી,
 મન ગુણ અવગુણ ખેત. ધન૦ ૭

જેને એવું અક્ષેપકજ્ઞાન અથવા જ્ઞાન પ્રત્યે પ્રીતિ થઈ છે એવા જ્ઞાનીને ભોગો ભવનાં કારણ થતા નથી. વિઘ્ન નિવારણે એટલે માત્ર દુઃખના પ્રતિકાર—ઉપાય તરીકે કર્મના ઉદયાનુસાર જ્ઞાનીના ભોગ હોય છે. ભૂખ તરસ આદિ વિઘ્ન દૂર કરવા ખાય છે, પીએ છે, પણ તેમાં તેમને રસ આવતો નથી. જ્ઞાનમાં રસ છે તેથી ભોગોમાં પ્રીતિ થતી નથી. અર્થાત્ જ્ઞાનીના ભોગો મોજશોખ કે વિલાસરૂપ હોતા નથી. સાથે જ્ઞાનદૃષ્ટિ હોવાથી તે ભોગો જ્ઞાનીને કર્મબંધનું કારણ થતા નથી.

પાંચ ઇન્દ્રિયના વિષયભોગો આત્માને ગુણ કે અવગુણ કરવાના સ્વભાવવાળા નથી. કારણકે તે જડ છે. પરંતુ મન એ જ ગુણદોષને ઉત્પન્ન કરનાર ખેતર સમાન છે. જ્ઞાનીને પરવસ્તુનું માહાત્મ્ય નથી તેથી તેમનું મન વિષયોમાં રમતું નથી. ભરત ચક્રવર્તીને ભોગની સામગ્રીનો વિચાર કરતાં જ્ઞાન થયું તેમ જ્ઞાનીને સર્વ ભોગો પ્રત્યે વૈરાગ્ય હોવાથી જ ભોગો બંધનું કારણ થતા નથી.

માયા પાણી રે જાણી તેહને,
 લંઘી જાય અડોલ;
સાચું જાણી રે તે બીતો રહે,
 ન ચલે ડામાડોલ. ધન૦ ૮

જ્ઞાની સંસારના પ્રસંગોને મૃગજળ જેવા ખોટા જાણે છે, તેથી તેમાં પણ રાગદ્વેષ ન કરતાં અડોલ રહે છે. જેમ કોઈ મૃગજળને ઓળખે તેથી તેને તેમાં ડૂબી જવાનો ભય લાગે નહીં, અડોલ નિશ્ચિંત મને ઓળંગી જાય છે; તેમ વિષયભોગો, જગતના પ્રસંગો તેમજ રોગાદિ, માત્ર થોડો વખત રહેવાના છે અને આત્માને કંઈ કામના નથી એમ જ્ઞાની સ્પષ્ટ જાણે છે, તેથી તેવા પ્રસંગમાં રાગદ્વેષને વશ થતા નથી, અડોલ અને સાવધાન રહે છે. તેમની પાસે સાચી વસ્તુ—સમ્યક્જ્ઞાન રૂપી રત્ન છે, તે ખોવાઈ ન જાય માટે માયાથી ડરતા રહે છે. માયાના મોહક પ્રસંગો દેખીને તેમનું મન લોભાતું નથી, ચળવિચળ થતું નથી.

**ભોગતત્ત્વને રે એમ ભય નવિ ટળે,**
**જૂઠા જાણે રે ભોગ;**
**તે એ દૃષ્ટિ રે ભવસાયર તરે,**
**લહે વળી સુયશ સંયોગ. ધન૦ ૯**

પરંતુ જે ભોગને તત્ત્વરૂપ, સારરૂપ માને, સાચા માને, તેને એમ ભવનો ભય ટળે નહીં. ભોગમાં આસક્ત હોવાથી કર્મબંધ રહિત અડોલ રહી શકે નહીં, તેથી ભવનાં દુઃખ ફરી ફરી પ્રાપ્ત થાય. પરંતુ પાંચ ઇંદ્રિયના વિષયોમાં માત્ર આરોપિત સુખ છે, તેથી જૂઠા મૃગજળ જેવા છે એમ જાણનાર મુમુક્ષુ અથવા જ્ઞાની સંસારસમુદ્રને તરી જાય છે. શ્રી યશોવિજયજી કહે છે કે આ દૃષ્ટિવાળા સુયશ મેળવી આત્માના અક્ષય સુખના વિલાસનો સંયોગ પ્રાપ્ત કરે છે.

☆☆☆☆☆☆☆☆☆

## ઢાળ સાતમી

# સાતમી પ્રભા દૃષ્ટિ

(એ છીંડી ક્યાં રાખી—એ દેશી)

**અર્ક પ્રભાસમ બોધપ્રભામાં, ધ્યાન પ્રિયા એ દિટ્ઠી;**
**તત્ત્વ તણી પ્રતિપત્તિ ઇહાં વળી, રોગ નહીં સુખ પુટ્ઠી રે.**
**ભવિકા, વીર વચન ચિત્ત ધરીએ. ૧**

પ્રભા નામની સાતમી દૃષ્ટિમાં સૂર્યના પ્રકાશ જેવો બોધ હોય છે. તે જ્ઞાનની અત્યંત નિર્મળતા સૂચવે છે. આ દૃષ્ટિમાં શ્રુતકેવલી જેવું જ્ઞાન હોઈ શકે છે.

આ દૃષ્ટિનું અંગ ધ્યાન છે. તેથી ધ્યાનમાં અત્યંત પ્રીતિ હોય છે. પાંચમી સ્થિરા દૃષ્ટિમાં સમ્યક્દર્શનની નિર્મળતા દર્શાવી ત્યાં ચોથું ગુણસ્થાન ઘટે છે. છઠ્ઠી કાન્તા દૃષ્ટિમાં શ્રુતજ્ઞાન સ્વાધ્યાયની મુખ્યતા દર્શાવી ત્યાં પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન ઘટે છે અને આ સાતમી પ્રભાદૃષ્ટિમાં ચારિત્રની અત્યંત નિર્મળતારૂપ ધ્યાનની મુખ્યતા છે. ત્યાં સાતમું ગુણસ્થાન ઘટે છે.

આ દૃષ્ટિમાં તત્ત્વની પ્રતિપત્તિ નામનો ગુણ પ્રગટે છે. અર્થાત્ શુદ્ધાત્મતત્ત્વ પ્રગટ જેમ છે તેમ સ્પષ્ટ જણાય છે. કહ્યું છે કે ચોથા ગુણસ્થાનવાળાને સાતમે કેવી દશા હોય તે સમજાય છે અને સાતમા ગુણસ્થાનવાળાને ચૌદમે કેવી દશા હોય તે સમજાય છે.

ધ્યાનનો પ્રતિપક્ષી રોગ છે. ચારિત્રમોહ એ જ ખરો રોગ છે અને જીવને મુઝવે છે, તેથી દુઃખ લાગે છે. ચારિત્રમોહ મંદ થાય તેમ તેમ સ્થિરતા રહે અને ધ્યાનનું સુખ અનુભવી શકાય. પૂર્વે જ્ઞાનનો ક્ષયોપશમ કર્યો હોય તેને ચારિત્રમોહ બહુ રોકી શકે નહીં, પરંતુ ધ્યાનના આનંદને રોકે છે. એ રોગ નામનો દોષ આ દૃષ્ટિમાં દૂર થાય છે. બાહ્ય રોગ, ઉપાધિ, અસમાધિ પણ તેને ન હોય અને કદાચ હોય તો તેને ગણે નહીં. ધ્યાનમાં સુખની જ વૃદ્ધિ થાય છે.

હે ભવ્ય જીવો! વીર ભગવાનના વચનોને ચિત્તમાં ધારણ કરો.

**સઘળું પરવશ તે દુઃખ લક્ષણ, નિજવશ તે સુખ લહીએ;**
**એ દૃષ્ટે આતમ ગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહીએ રે?**
**ભવિકા, વીર વચન ચિત્ત ધરીએ. ૨**

પર વસ્તુના સુખને સુખ ન માનવાનો અભ્યાસ તો પાંચમી દૃષ્ટિથી હોય છે. પરંતુ હવે ધ્યાનમાં તે પ્રત્યક્ષ પ્રમાણભૂત થાય છે. સ્થિરતા ગુણ ધ્યાન દ્વારા પ્રગટે છે. પરવશ પુદ્‌ગલને, દેહને આધીન જે સુખ માન્યું છે, તે સર્વ સુખ નહીં પણ દુઃખરૂપ જ છે. તેથી ત્યાગવા યોગ્ય છે.

"પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે, પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં."

જે સુખની પાછળ દુઃખ આવે તે સુખ નથી. અને નિજવશ=આત્માના ધ્યાનમાં કે સમાધિમાં જે સુખ અનુભવાય

છે તે સાચું સુખ છે, તે પ્રાપ્ત કરવા યોગ્ય છે. એ દૃષ્ટે—એવી સમજણથી ધ્યાનમાં પ્રવૃત્તિ કરતાં આત્માનો જે સુખ ગુણ અનુભવાય છે, તે સુખ કોને કહીએ? અર્થાત્ તે સુખ કોઈને કહી શકાય તેવું—વચનમાં વર્ણવી શકાય તેવું—નથી. કદાચ કહેવામાં આવે તો પણ જેને ધ્યાનનો અનુભવ નથી તેને તે સ્વાધીન સુખનો કંઈ ખ્યાલ આવી શકે જ નહીં. એ વાતને દૃષ્ટાંતથી વ્યક્ત કરે છે—

**નાગર સુખ પામર નવિ જાણે, વલ્લભ સુખ ન કુમારી;**
**અનુભવ વિણ તેમ ધ્યાનતણું સુખ, કોણ જાણે નરનારી રે?**
**ભવિકા, વીર વચન ચિત્ત ધરીએ. ૩**

શહેરના ધનાઢ્ય નાગરિકજનો કેવાં સુખ ભોગવે છે તેનો ખ્યાલ, જેણે શહેર કદી જોયું નથી એવા ભીલ વગેરે પામર જનોને ગમે તેવું વર્ણન કરવા છતાં આવી શકતો નથી, તેમજ પતિનું સુખ કેવું હોય તેનો ખ્યાલ કુમારિકાને આવી શકતો નથી. તેવી રીતે જેમને ધ્યાનનો અનુભવ નથી એવાં સ્ત્રીપુરુષોને તે અતીંદ્રિય સુખનો ખ્યાલ આવી શકતો નથી.

**એહ દૃષ્ટિમાં નિર્મળ બોધે, ધ્યાન સદા હોય સાચું;**
**દૂષણ રહિત નિરંતર જ્યોતિ, રત્ન તે દીપે જાચું રે.**
**ભવિકા, વીર વચન ચિત્ત ધરીએ. ૪**

આ દૃષ્ટિમાં અપ્રતિપાતી સમકિત સાથે શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી સૂર્યના પ્રકાશ જેવી બોધની નિર્મળતા કહી છે. તેથી ભગવાનના વચનનું રહસ્ય ચૌદપૂર્વનો સાર

યથાર્થ સમજાય છે, એવા નિર્મળ બોધને કારણે ધ્યાનમાં સહજ પ્રવૃત્તિ થાય છે. વળી ધ્યાનમાં પરમ સુખ અનુભવાતું હોવાથી આ દૃષ્ટિવાળા યોગી, બને તેટલો વખત અપ્રમત્તપણે ધ્યાનમાં સ્થિર રહે છે. તેથી જેમ દૂષણ વિનાનું જાતિવંત રત્ન નિરંતર દીપે છે, તેમ આ દૃષ્ટિમાં રહેલા યોગીનો આત્મા સત્ય ધ્યાન વડે સદા દેદીપ્યમાન દેખાય છે.

અહીં પ્રસંગાનુસાર ધ્યાન વિષે સમજવાની જરૂર છે.

ધ્યાન કરવામાં પ્રથમ ધ્યેયનો નિર્ણય કરવો પડે છે. હઠયોગ વગેરેમાં કોઈ પરવસ્તુ ઉપર ચિત્ત એકાગ્ર કરવાનો અભ્યાસ કરવામાં આવે છે અને તેમાં કર્મબંધથી છૂટવું કે મોક્ષપ્રાપ્તિ એ લક્ષ હોતો નથી. અહીં તો મોક્ષને અર્થે પ્રયત્ન કરવાનો હોવાથી આત્માથી જુદું ધ્યેય નથી. પરંતુ સમ્યક્ દર્શન ન થાય ત્યાં સુધી આત્મસ્વરૂપનો લક્ષ થતો નથી. અનાદિથી વૃત્તિ બાહ્ય છે તે દર્શનમોહ અને ચારિત્રમોહને કારણે અંતરમાં વાળવી અશક્ય છે, તેથી સદ્‌ગુરુ આજ્ઞાએ પ્રથમ ચાર દૃષ્ટિમાં કહ્યા પ્રમાણે પુરુષાર્થ કરતાં જ્યારે દર્શનમોહની મંદતા થાય ત્યારે ધ્યેય વિષે નિઃશંકતા થાય અને જીવ પાંચમી દૃષ્ટિમાં આવ્યો ગણાય. ત્યાર પછી ચિત્તવૃત્તિ વિશેષ વિશેષ એકાગ્ર કરવી અથવા ધ્યેયમાં ચિત્તનું સ્થાપન કરવું તે ધારણા છે. તે માટે છઠ્ઠી દૃષ્ટિમાં કહ્યું તેમ નિરંતર શ્રુતનું અવલંબન લેવું પડે છે.

એ રીતે અભ્યાસ કરતાં ધારણાના વિષયમાં એક સરખી

વહેતી વૃત્તિ અથવા ધ્યેયમાં અંતર્મુહૂર્ત સુધી એકાકાર સ્થિર થવું તે ધ્યાન છે.

ધ્યાન કરતાં કરતાં ધ્યેયરૂપ થઈ જવું તે સમાધિ છે. સમાધિમાં ધ્યાન કરનાર અને ધ્યેય વચ્ચે ભેદનો વિકલ્પ નથી. અર્થાત્ ધ્યાનમાં 'હું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરું છું' એવો વિકલ્પ છે. તે વિકલ્પ દૂર થાય અને ધ્યેયાકાર વૃત્તિ અંતર્મુહૂર્ત કરતાં અધિક ટકી રહે તે સમાધિ છે. તે મુખ્યપણે શ્રેણીમાં હોય છે. તે વિષે આઠમી દૃષ્ટિમાં કહેવાશે.

હવે અહીં અસંગ અનુષ્ઠાન વિષે કહેવામાં આવે છે–

**વિસભાગ ક્ષય શાંતવાહિતા, શિવમારગ ધ્રુવ નામ;**
**કહે અસંગ ક્રિયા ઇહાં યોગી, વિમલ સુયશ પરિણામ રે.**
**ભવિકા, વીર વચન ચિત્ત ધરીએ. ૫**

જેમ ચાક ફેરવીને દંડ લઈ લેવામાં આવે છતાં ચાક ફર્યા કરે છે તેમ ધ્યાન થઈ રહ્યા પછી ધ્યાનના સંસ્કારના બળથી ધ્યાનના સમય જેવો જે શુદ્ધ પરિણામનો પ્રવાહ રહેવો તે અસંગ અનુષ્ઠાન છે. આ અસંગ અનુષ્ઠાન પ્રાપ્ત થયેલી દશાને ટકાવી રાખનારું અને આગળ ઉપરની દશાને પ્રાપ્ત કરાવનારું હોવાથી મહત્વનું છે. તેને જુદા જુદા દર્શનમાં ભિન્ન ભિન્ન નામથી ઓળખે છે. બૌદ્ધમતના યોગીઓ તેને વિસભાગ-ક્ષય (વિસદૃશભાવ–વિકાર દૂર થવો) એ નામથી ઓળખે છે, સાંખ્યમતના યોગીઓ તેને શાંતવાહિતા કહે છે, શૈવમતના યોગીઓ તેને શિવમાર્ગ કહે છે, પાતંજલ યોગમાર્ગના યોગીઓ તેને ધ્રુવાધ્વા અથવા ધ્રુવમાર્ગ કહે છે અને અહીં એટલે

જૈનદર્શનમાં યોગી મુનિઓ તેને અસંગ અનુષ્ઠાન નામથી ઓળખે છે.

આ તો છેક ઉપરની વાત કહી પરંતુ તે પહેલા યોગની પ્રાપ્તિ અર્થે પણ અસંગક્રિયાનું અત્યંત મહત્વ છે. તે વિષે પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રે વચનામૃત આંક ૪૩૦ માં નિર્દેશ કર્યો છે તે અહીં વિચારવા યોગ્ય છે. "કલ્યાણ જે વાટે થાય છે તે વાટનાં મુખ્ય બે કારણ જોવામાં આવે છે. એક તો જે સંપ્રદાયમાં આત્માર્થે બધી અસંગપણાવાળી ક્રિયા હોય, અન્ય કોઈ પણ અર્થની ઇચ્છાએ ન હોય, અને નિરંતર જ્ઞાનદશા ઉપર જીવોનું ચિત્ત હોય, તેમાં અવશ્ય કલ્યાણ જન્મવાનો જોગ જાણીએ છીએ. એમ ન હોય તો તે જોગનો સંભવ થતો નથી."

"અસંગપણું એટલે આત્માર્થ સિવાયના સંગપ્રસંગમાં પડવું નહીં–" વગેરે કહી છેવટે સર્વ પ્રતિબંધથી છૂટવા કહ્યું છે.

અહીં સાતમી દૃષ્ટિમાં જે અસંગક્રિયા કહેવી છે તે તો અપ્રતિપાતી ધ્યાનની છેવટની અવસ્થા છે કે જ્યાંથી આગળ શ્રેણી માંડીને જીવ મુક્ત થાય છે. શ્રી યશોવિજયજી કહે છે કે એ રીતે યોગીઓ અસંગભાવથી અબંધકક્રિયા કરીને નિર્મળ પરિણામને સાધે છે અને એ જ મોક્ષમાર્ગ છે.

☆☆☆☆☆☆☆☆☆

## ઢાળ આઠમી

# આઠમી પરા દૃષ્ટિ

(તુજ સાથે નહિ બોલું મારા વહાલા—એ દેશી)

**દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણુંજી;**
**આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિસમ બોધ વખાણુંજી;**
**નિરતિચાર પદ એહમાં યોગી, કહિયે નહીં અતિચારીજી;**
**આરોહે આરૂઢે ગિરિને, તેમ એહની ગતિ ન્યારીજી. ૧**

આ આઠમી દૃષ્ટિનું નામ પરા છે. આગળની સાત દૃષ્ટિ કરતાં આ આઠમી દૃષ્ટિમાં રહેલા યોગીઓની દશા સર્વોત્કૃષ્ટ હોવાથી તેનું પરા નામ સાર્થક છે. આ દૃષ્ટિનું અંગ સમાધિ છે.

ધ્યાનની ઉચ્ચ કોટીનું નામ સમાધિ છે. કેટલાક તેને ધ્યાનનું ફળ કહે છે. ચિત્તનું દેશબંધન થવું તે ધારણા, એકતાનતા થવી તે ધ્યાન અને વર્તમાન બંધઅવસ્થાને શૂન્યરૂપ કરીને પરમાત્મસ્વરૂપે પ્રતિભાસવું તે સમાધિ છે. સાતમા ગુણસ્થાનને અંતે જ્યારે શ્રેણી માંડે છે ત્યારે સમાધિમાં આરૂઢ થયેલા યોગીઓ આ આઠમી દૃષ્ટિમાં પ્રવેશ કરે છે. તેથી આઠમી દૃષ્ટિમાં પૂર્ણપણે આત્મસ્વભાવમાં પ્રવૃત્તિ કરવારૂપ તત્ત્વપ્રવૃત્તિ નામનો ગુણ પ્રાપ્ત થાય છે.

આ દૃષ્ટિમાં બોધનો પ્રકાશ પૂર્ણચંદ્રની શીતળ ચાંદની જેવો આહ્લાદક છે, અર્થાત્ અપૂર્વ જ્ઞાન સાથે અપૂર્વ શાંતિ અનુભવાય છે. પૂનમના ચંદ્ર ઉપર જેમ આછું વાદળ આવ્યું હોય તેની પાર જેમ ચંદ્ર દેખાય, એવો આત્માનો અનુભવ છે.

પછી પવન આવે ને વાદળું ખસી જાય તો પૂર્ણપણે ચંદ્ર પ્રકાશે એવી દશા પ્રાપ્ત થાય છે. અર્થાત્ સમાધિને કારણે ઘાતિયાં કર્મ ક્ષય થઈ જઈને શ્રેણીને અંતે કેવલજ્ઞાન પ્રગટ થાય છે.

આ આઠમી દૃષ્ટિમાં વર્તતા યોગીઓને સાંપરાયિક ક્રિયાનો અભાવ હોવાથી કોઈ દોષ લાગતા નથી. તેથી પ્રતિક્રમણાદિ આચારનો પણ તેમને સર્વથા અભાવ છે. એ રીતે વ્રત ક્રિયા વગેરેમાં લાગતા સર્વ અતિચારોનો અભાવ થવાથી તેમને નિરતિચાર પદ પ્રાપ્ત હોય છે. તે કેવી રીતે? એ શંકાનો ઉત્તર આપે છે કે જેમ પર્વત ઉપર ચઢતી વખતે થતી ક્રિયા ઉપર ચઢી ગયા પછી કરવાની હોય નહીં તેમ શ્રેણીમાં પ્રતિક્રમણાદિ ક્રિયા કરવાની હોતી નથી. અર્થાત્ આઠમી દૃષ્ટિવાળા યોગીઓની સર્વ ક્રિયા જુદા જ પ્રકારની હોય છે. આગળ જે કર્યું હતું તેના ફળ રૂપે વિના પ્રયાસે થાય છે.

**ચંદન ગંધ સમાન ક્ષમા ઇહાં, વાસકને ન ગવેષેજી;**
**આસંગે વર્જિત વળી એહમાં, કિરિયા નિજગુણ લેખેજી;**
**શિક્ષાથી જેમ રતન નિયોજન, દૃષ્ટિ ભિન્ન તેમ એહોજી;**
**તાસ નિયોગે કરણ અપૂરવ, લહે મુનિ કેવલ ગેહોજી. ૨**

જેમ ચંદનગંધને સુવાસિત કરનારની અપેક્ષા હોતી નથી, સહજ સ્વભાવે સુગંધી હોય છે, તેમ શ્રેણીમાં ક્ષમા વગેરે ગુણો સહજ સ્વભાવે હોય છે. તે માટે પ્રયત્ન કે સદ્ગુરુના બોધની જરૂર હોતી નથી. વળી આ દૃષ્ટિમાં આસંગ (આસક્તિ) નામનો દોષ દૂર થયો હોય છે તેથી સાતમી દૃષ્ટિમાં જેમ ધ્યાન માટે

પ્રીતિ હતી તેમ અહીં નથી. અર્થાત્ સમાધિ રાખવી એવો ભાવ પણ નથી. ચંદનગંધના ન્યાયે પોતાનો સ્વભાવ પ્રગટ કરવાની જ માત્ર ક્રિયા, વિના પ્રયાસે સહજપણે થાય છે.

હવે શ્રેણીમાં દર્શન ગુણ કેવો હોય છે તે કહે છે, કે જેમ રત્નની પરીક્ષા શીખતી વખતની દૃષ્ટિ અને શીખી રહ્યા પછી રત્નનો વ્યાપાર કરતી વખતની દૃષ્ટિમાં ઘણો ફેર હોય છે. અર્થાત્ શીખતી વખતે બહુ અનુભવ નથી, તેથી પરીક્ષા કરતાં વાર લાગે, વિચાર કરવો પડે; પરંતુ વ્યાપારમાં પ્રવીણ થયા પછી જોતજોતામાં પરીક્ષા કરે અને તેમાં ભૂલ સંભવે જ નહીં. તેમ શ્રેણીમાં જે દર્શન છે તે કેવળ નિર્મળ હોય છે. એવી રીતે દૃષ્ટિ ભિન્ન એટલે સાતિશય દૃષ્ટિ હોય છે. તેના કારણે અપૂર્વકરણની પ્રાપ્તિ થાય છે.

શ્રેણી માંડે ત્યારે દર્શનમાં પણ ફેર પડે. ક્ષયોપશમ હોય તો ક્ષાયિક થઈ જાય કે ઉપશમ થઈ જાય અને તે દ્વિતીય ઉપશમ કહેવાય છે. તેથી ઉપશમ કે ક્ષપક શ્રેણીમાં દર્શનમોહની કોઈ પ્રકૃતિ ઉદયમાં હોતી નથી. દર્શન કેવળ નિર્મળ હોવાથી 'દૃષ્ટિ ભિન્ન' કહ્યું છે. આ બધો ફેરફાર સહેજે આત્મામાં થાય છે.

અહીં તો ક્ષપક શ્રેણીની વાત છે. તેમાં ઉપર કહ્યું તેમ નિર્મળ સમ્યક્ત્વના યોગે અપૂર્વકરણ પ્રાપ્ત થાય, પછી તે જીવ અટક્યા વગર આગળ વધી કેવળ શુદ્ધસ્વરૂપ એવું જે પોતાનું વાસ્તવિક ઘર તેને અવશ્ય પ્રાપ્ત થાય છે.

**ક્ષીણ દોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ ફલ ભોગીજી;**
**પર ઉપકાર કરી શિવ સુખ તે, પામે યોગ અયોગીજી;**
**સર્વ શત્રુક્ષય સર્વ વ્યાધિલય, પૂરણ સર્વ સમીહાજી;**
**સર્વ અરથ યોગે સુખ તેહથી, અનંત ગુણ નિરીહાજી. ૩**

એ રીતે અપૂર્વકરણ પછી કેવલજ્ઞાન પ્રગટ થાય તે પહેલાં વચ્ચે સર્વ રાગાદિ દોષોનો ક્ષય થાય છે અને તે સર્વજ્ઞ મહામુનિ સર્વ ક્ષાયિક લબ્ધિના કારણે પ્રાપ્ત થતા અનંત સુખના ભોગી થાય છે. અર્થાત્ અનંતજ્ઞાન, અનંતદર્શન, ક્ષાયિક સમકિત, ક્ષાયિક ચારિત્ર, અનંતદાન, અનંતલાભ, અનંતભોગ, અનંતઉપભોગ, અને અનંતવીર્ય એ ૯ ક્ષાયિક લબ્ધિ બારમા ગુણસ્થાનને અંતે પ્રગટ થાય છે. પછી તેરમે ગુણસ્થાને વિચરતા તે સર્વજ્ઞ ભગવાન સર્વ જગતજીવોના ઉપકારી થાય છે. તે અવસ્થામાં તેમને કોઈ પ્રકારની ઉત્સુકતા કે ભલું કરવાની ઇચ્છા નથી. તો પણ પૂર્વ પુણ્યના ઉદયાનુસાર તેમના મન વચન કાયાના યોગ લબ્ધિ સહિત પ્રવર્તે છે. તેથી સહેજે ઉપકારી થાય છે. એ રીતે સયોગીકાળ પૂરો કરીને આયુષ પૂરું થવા આવે ત્યારે અયોગીઅવસ્થા અથવા છેલ્લું ચૌદમું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

તે અવસ્થામાં સર્વ કર્મરૂપી શત્રુઓનો નાશ થાય છે. અર્થાત્ બાકી રહેલા ચાર અઘાતી કર્મની પ્રકૃતિઓનો ક્ષય થાય છે. તેથી જન્મમૃત્યુના વિકારવાળો જે સંસારરૂપી રોગ તે તેમનો સર્વથા ટળી જાય છે. સંસાર એ આત્માનો રોગ છે એમ કહેવું તે ઉપચાર—કહેવા માત્ર—નથી પણ વાસ્તવિક છે,

મુખ્ય રોગ છે. જન્મ, જરા, મરણ અનુભવવાં પડે છે એ પ્રત્યક્ષ છે. વળી તે અયોગી ભગવાનને અનંત સુખ પ્રાપ્ત હોવાથી હવે કંઈ મેળવવાનું બાકી રહ્યું નથી તેથી કૃતકૃત્ય થયા છે. તે સુખ કેવું છે? તે કહે છે કે આ લોકમાં જેટલા સુખના પદાર્થો કહેવાય છે તે બધાના સુખનો સરવાળો કરીએ તેથી અનંતગણું સુખ કેવળજ્ઞાન થતાં જ પ્રાપ્ત થાય છે. અને દશમે ગુણસ્થાને લોભનો ક્ષય થયો ત્યારથી કોઈ ઇચ્છા પણ નથી એટલે નિરીહ છે.

આ પ્રમાણે ચૌદમે ગુણસ્થાને સર્વ યોગક્રિયા અટકી જવાથી સિંહ જેમ પાંજરાથી ભિન્ન હોય છે તેમ તેઓ દેહરૂપી પીંજરથી સર્વથા ભિન્ન થાય છે. એ અવસ્થામાં માત્ર પાંચ લઘુ અક્ષર બોલે તેટલો કાળ રહીને, આયુકર્મ ક્ષય થવાને છેલ્લે સમયે મુક્ત થઈને, એક સમયવાળી ઊર્ધ્વગતિથી સિદ્ધાલયમાં જઈને ત્યાં સદાને માટે સ્થિર થાય છે.

**એ અડદિટ્ઠી કહી સંક્ષેપે, યોગ શાસ્ત્ર સંકેતેજી;**
**કુલયોગી ને પ્રવૃત્તચક્ર જે, તેહ તણે હિત હેતેજી;**
**યોગીકુલે જાયા તસ ધર્મે, અનુગત તે કુલ યોગીજી;**
**અદ્વેષી ગુરુદેવદ્વિજ પ્રિય, દયાવંત ઉપયોગીજી. ૪**

યોગશાસ્ત્રના લક્ષણને અનુસરીને સંક્ષેપમાં આ આઠ દૃષ્ટિ કહી છે. જેમ ઘણા દૂધમાંથી માખણ તારવીને તેનું ઘી બનાવવામાં આવે તેમ સર્વ યોગશાસ્ત્રોના સારરૂપે શ્રી હરિભદ્રાચાર્યે યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ રચ્યો તેના રહસ્યરૂપે શ્રી

યશોવિજયજીએ આ આઠ દૃષ્ટિની સજ્ઝાય રચી છે. આ યોગદૃષ્ટિ આત્મસ્મૃતિ અર્થે તેમજ કુલયોગી અને પ્રવૃત્તચક્ર-યોગીના હિતને અર્થે કરવામાં આવી છે.

અંતરાત્મા પરમાત્માની સાથે જોડાય તે યોગ છે. **मोक्षेण योजनात् योगः** મોક્ષ સાથે જે જોડે તે યોગ છે. એ પ્રકારના યોગને જે સાધે તે યોગી છે. સામાન્યપણે યોગીઓ ચાર પ્રકારના કહ્યા છે : ગોત્રયોગી, કુલયોગી, પ્રવૃત્તચક્રયોગી અને નિષ્પન્નયોગી.

નિષ્પન્નયોગી યોગમાર્ગના સંપૂર્ણ પરિચિત હોઈ યોગ-સાધનમાં સારી રીતે આગળ વધેલા છે. તેઓ નિરંતર ધ્યાન-સમાધિમાં રહીને યોગસાધનમાં જ વર્તે છે. તેથી તેઓને માટે આ ગ્રંથનું પ્રયોજન નથી.

ગોત્રયોગી તે છે કે જેઓ યોગસાધક ગોત્ર અથવા આર્યભૂમિમાં જન્મ્યા છે અને ધર્મનું બાહ્ય આરાધન પણ કરે છે છતાં યોગ સાધન માટે જરૂરના સંસ્કારો અદ્વેષી, ગુરુદેવદ્વિજ પ્રિય આદિ છે તે તેમનામાં નથી અથવા તો તેથી વિપરીત સંસ્કારો છે. જેમકે દ્વેષી–પરનો દ્વેષ કરનારા, મતમતાંતરનો આગ્રહ કરનારા, જ્ઞાની ગુરુ, સર્વજ્ઞદેવ અને યોગસાધક ધર્માત્માઓનો વિરોધ કરનારા, દયા વિનાના અર્થાત્ પાપમાં પ્રવૃત્તિ કરનારા અને અનુપયોગી–અંતર્મુખ લક્ષ વિનાના હોય તે ગોત્રયોગી છે. તેઓ બાહ્યક્રિયા વગેરે કરવા છતાં યોગ સાધી શકતા નથી. સારી વસ્તુ પણ તેમને વિપરીત પરિણમે છે તેથી તેઓને માટે પણ આ યોગદૃષ્ટિનું પ્રયોજન નથી.

કુલયોગી ગોત્રયોગીથી તેઓના ગુણોને લઈને ભિન્ન પડે છે. કુલયોગી તે છે કે જેઓ યોગને અનુકૂળ સામગ્રીવાળા કુળમાં જન્મ્યા છે અથવા અન્ય અનાર્યકુળમાં જન્મ્યા હોય છતાં આર્દ્રકુમારની સમાન પૂર્વજન્મના સંસ્કારને કારણે યોગમાર્ગને જ અનુસરનારા થાય છે. જેમને યોગપ્રાપ્તિ પૂર્વના સંસ્કારથી છે, કે વર્તમાનમાં સદ્‌ગુરુયોગે પ્રાપ્ત થઈ છે તે બન્ને કુલયોગી કહેવાય છે. જેમ કુળવાન માણસ અમુક સારા સંસ્કારથી ઓળખાય છે, તેમ કુલયોગી પણ યોગસાધનને અનુકૂળ એવા સારા સંસ્કારથી ઓળખાય છે. તેમાંનાં મુખ્ય અહીં ગણાવ્યા છે :–

(૧) **અદ્વેષી**–મંદકષાયી હોવાથી તેઓ કોઈનો દ્વેષ કે નિંદા કરતા નથી તેથી મતમતાંતરમાં આગ્રહ ન કરતાં મધ્યસ્થપણે સત્યને ગ્રહણ કરનારા હોય છે.

(૨) **ગુરુદેવદ્વિજપ્રિય**–સદ્‌ગુરુ, સર્વજ્ઞ વીતરાગ દેવ, અને દ્વિજ એટલે (બ્રહ્મને જાણે તે, અથવા બ્રહ્મચર્યના અર્થમાં વપરાય છે) સમ્યક્‌દૃષ્ટિ સંયમી એ ત્રણ ધર્મમૂર્તિ પ્રત્યે પ્રેમ રાખનાર ધર્મપ્રેમી હોય છે.

(૩) **દયાવંત**–કોમળ અંતઃકરણવાળા હોવાથી ક્લિષ્ટ પાપોથી વિરમનારા સંયમી કે દેશ સંયમી જિતેન્દ્રિય હોય છે.

(૪) **ઉપયોગી**–બોધવંત. ગ્રંથિભેદ જેને થયો છે. "ઉપયોગ એ ધર્મ." અર્થાત્ સમ્યક્‌દૃષ્ટિ હોય છે.

આ ગુણો જેનામાં પ્રગટ થયા હોય તે કુલયોગી કહેવાય છે.

**શુશ્રૂષાદિક અડગુણ સંપૂરણ, પ્રવૃત્તચક્ર તે કહિયેજી;**
**યમદ્વય લાભી પરદુગ અર્થી, આદ્ય અવંચક લહિયેજી;**
**ચાર અહિંસાદિક યમ ઇચ્છા, પ્રવૃત્તિ થિર સિદ્ધિ નામેજી;**
**શુદ્ધ રુચે પાલે અતિચારહ, ટાળે ફલ પરિણામેજી. ૫**

પ્રવૃત્તચક્રયોગી, કુલયોગી કરતાં વિશેષ યોગ્યતાવાળા અને યોગમાર્ગમાં આગળ વધેલા હોય છે. તેઓ શ્રુતજ્ઞાનના ધારક અને શ્રોતાના આઠ ગુણોથી યુક્ત હોય છે. તે આ પ્રમાણે :–

(૧) **શુશ્રૂષા**–સાંભળવાની ઇચ્છા.

(૨) **શ્રવણ**–સાંભળવામાં એકાગ્રતા.

(૩) **ગ્રહણ**–અર્થ સમજીને ગ્રહણ કરે.

(૪) **ધારણા**–સ્મૃતિમાં રાખે.

(૫) **વિજ્ઞાન**–તે સંબંધી વિશેષ જ્ઞાન.

(૬) **ઉહા**–શંકા ઉપસ્થિત કરે.

(૭) **અપોહ**–પોતાની કે પરની શંકાનું સમાધાન કરે.

(૮) **તત્ત્વાભિનિવેશ**–જે તત્ત્વનિર્ણય થાય તેને છોડે નહીં.

એ પ્રકારે સમ્યક્ત્વ અને શ્રુત અભ્યાસ ઉપરાંત તેઓ પંચમહાવ્રતના ધારક હોય છે. અહિંસાદિક પાંચ મહાવ્રત તે યમ કહેવાય છે અને તે ઉત્તરોત્તર ચાર ભેદે પળાય છે. તે ભેદો તથા તેના લક્ષણો આપ્યાં છે તે નીચે પ્રમાણે સંબંધ પૂર્વક સમજવા :–

૧. ઇચ્છા–શુદ્ધ રુચે. અર્થાત્ શુદ્ધ રુચિથી પંચ મહાવ્રતને ધારણ કરવાં, તે વિષેની કથામાં પ્રીતિ રાખવી તે ઇચ્છાયમ.

૨. પ્રવૃત્તિ–પાળે. પંચમહાવ્રતને ઉપશમભાવપૂર્વક પાળવાથી પ્રવૃત્તિયમ કહેવાય છે.

૩. સ્થિર–અતિચાર ટાળે. અર્થાત્ ઘણો અભ્યાસ થયા પછી અતિચાર લાગતા નથી. એ પ્રકારે અતિચાર ટાળવાથી અર્થાત્ નિરતિચારપણે પંચમહાવ્રત પાળવાથી સ્થિરયમ કહેવાય છે.

૪. સિદ્ધિ–ફલ પરિણામે. પંચમહાવ્રત ઘણો કાળ શુદ્ધપણે પાળતાં તેનું ફળ પરિણમવાથી અતિશયો પ્રગટે છે; તેથી અન્યને લાભ પમાડી શકે તે સિદ્ધિયમ છે.

પંચમહાવ્રત પાળનાર સિદ્ધયોગીને અનેક અતિશયો પ્રગટે છે જેમકે એવા યોગી પાસે જતાં વૈર શાંત થઈ જાય, તેમને વચનસિદ્ધિ પ્રાપ્ત થઈ હોય તો આશિષ વગેરે આપે તે ફળે. તેમના દર્શનમાત્રથી પણ વિપર્યાસ મટી જાય અને પવિત્ર થવાય. સત્પુરુષની કૃપાદૃષ્ટિને સમ્યક્દર્શન કહ્યું છે. એવા સત્પુરુષને પ્રણામાદિ કરવાથી પાપનો ક્ષય થાય, નીચ ગોત્ર તૂટે, તેમનો ઉપદેશ સાંભળતાં ધર્મપ્રાપ્તિ થાય.

પ્રવૃત્તચક્રયોગી ઉપરના ચારમાંથી બે યમને પામ્યા હોય છે અને બાકીના બે માટે પ્રયત્નવાન હોય છે. વળી તેઓ આદ્ય અવંચક એટલે યોગાવંચક હોય છે અર્થાત્ સાચા સદ્ગુરુની પ્રાપ્તિ, તેમના સમાગમે ઉલ્લાસ આવવો અને તેમની આજ્ઞા

ગ્રહણ કરવી તથા અપૂર્વભાવે આરાધવી તે અવંચક યોગ છે. તેવાં ગુરુનાં લક્ષણ આત્મસિદ્ધિમાં કહ્યાં છે :–

આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય.૧૦

આવા જ્ઞાની ગુરુનું શરણ ગ્રહણ કરવું, અંતરમાં તેમને ધારણ કરવા અને તેમની આજ્ઞાએ મોક્ષમાર્ગની આરાધના કરવી તે અવંચકયોગ છે. તેથી પછી અવંચક ક્રિયા=વચન અને કાયાથી વિનયાદિ કરવાં, અને અવંચક ફલ=મોક્ષને અવિરોધક પુણ્ય બંધાવું, એ બે સહેજે થાય છે. એમ ત્રિવિધ અવંચક થવાથી મન વચન કાયાની વિસંવાદતા ટળે છે અને આત્માને સમાધિનું કારણ થાય છે.

**કુલયોગી ને પ્રવૃત્તચક્રને, શ્રવણ શુદ્ધિ પક્ષપાતજી;**
**યોગદૃષ્ટિ ગ્રંથે હિત હોવે, તેણે કહી એ વાતજી;**
**શુદ્ધ ભાવ ને સૂની કિરિયા, બેહુમાં અંતર કેતોજી;**
**જલહલતો સૂરજ ને ખજુઓ, તાસ તેજમાં તેતોજી. ૬**

ઉપર કહ્યા તે કુલયોગી ને પ્રવૃત્તચક્રયોગીને ગ્રંથિભેદ થયો હોય છે તેથી સમકિત થયા પછી શું કરવું તે જાણવાની તીવ્ર જિજ્ઞાસા હોય છે. ગ્રંથિભેદ થયો હોય તો પણ પછી આગળ કેમ વધવું તે જાણવામાં આવતું નથી. એવા સત્શ્રુતનો પણ વિરહ હોય છે. સાચ જાણવામાં આવે એ પણ આ કાળમાં દુર્લભ છે. મુમુક્ષુને સમ્યક્દર્શનની વાતો જેમાં હોય તે શાસ્ત્ર આગમરૂપ જ છે. વળી ભગવાનના વચનો આમાં સંગ્રહ થતાં થતાં આવ્યાં છે

તેથી જે સાચા મુમુક્ષુ જિજ્ઞાસુ હોય તે આ ગ્રંથના શ્રવણને યોગ્ય છે, કારણ કે તેઓ આ યોગદૃષ્ટિ ઘણા લક્ષપૂર્વક સાંભળે છે. તે શ્રવણની ક્રિયા કરતાં પણ તેમનો લક્ષ તો શુદ્ધ ભાવમાં જ સ્થિર થવાનો હોય છે. એ રીતે તેમને યોગદૃષ્ટિનું શ્રવણ અને શુદ્ધ ભાવનો પક્ષપાત એ બન્ને લાભ થશે એમ ધારીને આ યોગની વાત કહી છે. આવશ્યક આદિ ક્રિયા કરતી વખતે શુદ્ધ ભાવનો પક્ષપાત હોય. ધ્યાનમાં શુદ્ધભાવ હોય.

અહીં કોઈ શંકા કરે કે જેને શુદ્ધભાવનો પક્ષપાત નથી તે શ્રવણ કરે તો તેને પણ લાભ કેમ નહીં? તેના ઉત્તરમાં કહે છે કે શુદ્ધભાવ અર્થે કરેલી ક્રિયા અને શુદ્ધભાવના લક્ષ વગરની ક્રિયા એ બેમાં મધ્યાહ્ને પ્રકાશતો જળહળતો સૂર્ય અને રાત્રે અંધારામાં તગતગતો આગીઓ એ બેના તેજ જેટલો મહાન તફાવત છે. અર્થાત્ શુદ્ધભાવનો પક્ષપાત મહાન પુણ્યબંધનું કારણ તેમજ સ્થિર અવિનાશી મોક્ષસુખને પ્રાપ્ત કરાવનાર છે, જ્યારે શુદ્ધભાવના લક્ષ વિનાની શૂન્ય ક્રિયા અલ્પ પુણ્યબંધનું કારણ થાય છે તેમજ અસ્થિર એવાં સંસારસુખને જ પ્રાપ્ત કરાવનારી થાય છે.

એવો શુદ્ધભાવ થવામાં જીવની યોગ્યતા જરૂરની છે. કારણ કે ઉત્તમ જીવોને જ ઉત્તમ ભાવના થાય છે, તેથી આ ગ્રંથ યોગ્યને આપવો ઘટે છે, અયોગ્યને આપવો ઘટતો નથી. એ વાત ઉપર આચાર્ય હવે ખાસ ભાર મૂકે છે –

**ગુહ્ય ભાવ એ તેહને કહિયે, જેહસું અંતર ભાંજેજી;**
**જેહસું ચિત્ત પટંતર હોવે, તેહસું ગુહ્ય ન છાજેજી;**

**યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કરશે મોટી વાતોજી;**
**ખમશે તે પંડિત પરષદમાં મુષ્ટિપ્રહાર ને લાતોજી. ૭**

ગુહ્યભાવ—આ ગ્રંથનું રહસ્ય જેને અંતર, કર્મથી આંતરો પડ્યો હોય અર્થાત્ ગ્રંથિભેદ થઈને સમકિત પ્રગટ્યું હોય, તેમજ શુશ્રૂષા ગુણ અર્થાત્ સાંભળવાની તીવ્ર જિજ્ઞાસા જાગી હોય તેવા કોઈ યોગ્ય જીવને જ કહેવા યોગ્ય છે. પરંતુ જેને મિથ્યાત્વરૂપી અંતરપટ ટળ્યું નથી, તેમજ સાંભળવાની ઇચ્છા—જિજ્ઞાસા તેમજ પાત્રતા નથી એવા અયોગ્ય જીવને આ ગુહ્ય—ગુપ્ત રહસ્ય કહેવું ઘટતું નથી.

જેને શ્રવણ ગુણ પ્રગટ્યો હોય તેને પ્રાર્થનીય કહ્યો છે. એવા યોગ્ય જીવને બોલાવીને પણ સત્પુરુષો તત્ત્વનું રહસ્ય સમજાવે છે. કારણકે યોગ્યને આપવાથી શ્રેયમાં વિઘ્ન હોય તે દૂર થાય છે. પરંતુ સાંભળનાર અયોગ્ય હોય અને તેને ગરજ ન હોય અથવા વિપર્યાસવાળો હોય તો તેને તેમજ આપનારને ઘણી હાનિ થાય છે. જો કે સામાન્યપણે આચાર્યો આ વાત સમજે છે છતાં આ ગ્રંથનું મહત્ત્વ જોતાં ઉપરની વાત ખાસ લક્ષમાં રાખવા શ્રી હરિભદ્રાચાર્ય ભાર મૂકીને કહે છે કે જો કોઈ યોગ્ય-અયોગ્યનો ભેદ વિચાર્યા વિના આ ગ્રંથની મહાન ગૂઢ વાતો બાલ અને અપાત્ર જીવો આગળ કહેશે તો તે જીવો માત્ર તે પ્રમાણે બોલતાં શીખી જશે અને તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરશે નહીં, તેથી ઘણો અનર્થ થશે, શાસનની હીલના થશે, અને તેવા અવિચારી આચાર્ય વિદ્વાનોની સભામાં અતિશય ઠપકાપાત્ર ગણાશે. જેમકે કોઈ કિંમતી વસ્તુ ગુપ્ત રાખી હોય તે વિષે નાના છોકરાને કહેવામાં આવે તો તે ન કહેવાનું હોય ત્યાં કહી દે તેથી

તે વસ્તુ લૂંટાઈ જાય અને પોતાને ડાહ્યા માણસો ઠપકો આપે કે નાદાન છોકરાને તે એવું કહેવાતું હશે! એ રીતે આ ગ્રંથ અયોગ્યને આપનાર વિદ્વાનોની સભામાં ઠપકાપાત્ર લેખાશે.

હવે પ્રસંગાનુસાર સભાના પ્રકાર વિષે કહી ભવ્ય જીવોને આશીર્વાદ આપતાં આચાર્ય ગ્રંથ સમાપ્તિ કરે છે–

**સભા ત્રણ શ્રોતા ગુણ અવગુણ, નંદી સૂત્રે દીસેજી;**
**તે જાણી એ ગ્રંથ યોગ્યને, દેજો સુગુણ જગીશેજી;**
**લોક પૂરજો નિજ નિજ ઇચ્છા – યોગ ભાવ ગુણ રયણેજી;**
**શ્રી નયવિજય વિબુધ પયસેવક, વાચક યશને વયણેજી. ૮**

શ્રોતાના ગુણ અવગુણ અનુસાર ત્રણ પ્રકારની સભા શ્રી નંદીસૂત્રમાં કહી છે :–

૧. **ભેદજ્ઞાની ઉત્તમ પુરુષોની સભા**–તે રાજહંસની સભા સાથે સરખાવી છે. તેમાં તત્ત્વના ઉત્તમ રહસ્યની વાત કરવામાં આવે તો ઘણી પ્રશંસા થાય છે.

૨. **બાલ અજ્ઞાનીઓની સભા**–તે મૃગબાલની સભા સાથે સરખાવી છે. તેમાં કરેલી તત્ત્વની વાતને શ્રોતાઓ સમજી શકે નહીં તેથી વૃથા જાય છે.

૩. **દંભી હઠાગ્રહીઓની સભા**–તે ગ્રામ્ય વૈદ્યની સભા સાથે સરખાવી છે. તેમાં તત્ત્વની સાચી વાત કહેવા જતાં અનેક કુતર્કો અને હઠવાદ વડે શ્રોતાઓ તેને ખોટી ઠરાવે. નિંદા તથા પક્ષપાત કરે. એમ અનર્થનું કારણ થાય છે.

આ ઉપરથી શ્રોતાનાં લક્ષણો જાણીને જે યોગ્ય હોય તેને સદ્ગુણોની સમૃદ્ધિ થવા અર્થે આ ગ્રંથ આપજો.

યોગશાસ્ત્રમાં વર્ણવેલા ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગની ભૂમિકા પર આ યોગદૃષ્ટિની રચના કરેલી છે, તેથી તે ત્રણેનું સ્વરૂપ અહીં લક્ષમાં લેવું જરૂરનું છે.

આત્માનો યોગ થયા પછી વિકથાદિ પ્રમાદને લઈને ધર્મમાં પ્રવર્તન ન થઈ શકે છતાં ઇચ્છા તો તેની જ રહે તે ઇચ્છાયોગ છે. પછી પ્રમાદને જીતીને આગમ અનુસાર અથવા જ્ઞાનીના વચનને અનુસરીને યથાશક્તિ દેશસંયમ કે સંયમમાં પ્રવર્તે તે શાસ્ત્રયોગ છે. એ રીતે સંયમના બળે કર્મ ખપાવીને આત્માના અનુભવના સામર્થ્યથી કર્મનો ક્ષય કરવામાં પ્રવર્તે તે સામર્થ્યયોગ છે. પાંચમી દૃષ્ટિથી ઇચ્છાયોગ, છઠ્ઠી સાતમી દૃષ્ટિથી શાસ્ત્રયોગ અને આઠમી દૃષ્ટિથી સામર્થ્યયોગ મુખ્યપણે હોય છે. સામર્થ્યયોગના ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ એ બે પ્રકાર છે. તેમાંનો ધર્મસંન્યાસ નામનો સામર્થ્યયોગ ક્ષપક-શ્રેણીમાં કેવલજ્ઞાન પ્રગટ થતાં પહેલાં હોય છે ને યોગસંન્યાસ નામનો સામર્થ્યયોગ છેલ્લે અયોગી અવસ્થામાં મોક્ષે જતા પહેલાં હોય છે.

તથાપ્રકારે આ આઠ દૃષ્ટિની સજ્ઝાયના રચનાર શ્રી નયવિજય પંડિતના શિષ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના વચનોને આધારે ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ, અને સામર્થ્યયોગ નામના ભાવગુણરૂપી રત્નોવડે લોકને શોભાવજો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

॥ श्री सद्गुरुचरणार्पणमस्तु ॥